RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 Issue : 281 Dt. 26-04-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

વિઝન વિકસિત ગુજરાત કા, મિશન જનકલ્યાણ કા

# માર્ચ 2025માં રાજ્યનો છૂટક ફુગાવો 2.63 ટકા



## રાષ્ટ્રીય સરેરાશ ૩.૩૪ ટકા કરતા ૦.૭૧ ટકા જેટલો નોંધપાત્ર ઘટાડો

ગાંધીનગર , તા. ૨૫

હાલ સમગ્ર વિશ્વની જે અર્થવ્યવસ્થા છે તે ક્યાંક ને ક્યાંક ડામાડોળ થતી હોય તેવું લાગી રહ્યું છે અને તેવી સ્થિતિ પણ ઊભી થઈ છે ત્યારે ગુજરાતે એક અત્યંત કહી શકાય કે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે જેમાં છૂટક ફુગાવાનો દર ૨.૬૩% રહ્યો છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછો છે ત્યારે ગુજરાત સરકારે આ પગલું લેવા માટે જે કાર્યો કર્યા છે તે પણ સરહાનીય છે. માર્ચ ૨૦૨૫ માટે કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (ઈઝ્ઝ) પર આધારિત ગુજરાતનો વાર્ષિક છૂટક ફુગાવાનો દર (રિટેઇલ ઇન્ફ્લેશન રેટ) ફક્ત ૨.૬૩ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૩.૩૪ ટકા કરતા ૦.૭૧ ટકા જેટલો નોંધપાત્ર રીતે ઓછો છે. આ દર ઘણા મોટા અને વિકસિત રાજ્યો કરતા પણ ઓછો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ‘વિઝન વિકસિત ગુજરાત કા, મિશન જનકલ્યાણ કા’ ની પ્રતિબદ્ધતા સાથે રાજ્યનો આધુનિક વિકાસ કરવાની સાથે જ ‘ઇઝ ઓફ લિવિંગ’ ની દિશામાં પણ કામ કરી રહી છે. એક બાજુ સરકાર વિકાસ અને રોકાણ વધારવા માટે નવા ઉભરી રહેલા ક્ષેત્રોમાં નવી નીતિઓ બનાવી રહી છે, જ્યારે બીજી બાજુ નાગરિકો માટે રોજબરોજની જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતો સ્થિર કરવા માટે પણ વિશિષ્ટ પ્રયત્નો કરી રહી છે.

### રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાંઓ

‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ ના વિઝન સાથે આર્થિક વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહેલા ગુજરાત જેવા ઔદ્યોગિક રાજ્યમાં ફુગાવાનો દર નિયંત્રિક કરવો એ એક મોટો પડકાર છે. પરંતુ, સરકારની રાજકોષીય સમજદારી, પુરવઠા શૃંખલામાં સુધારા, સ્પર્ધાને પ્રોત્સાહન, કાર્યક્ષમ બજાર નિયમન અને લઘુત્તમ ટેકાના ભાવ અને જાહેર વિતરણ વ્યવસ્થા જેવી ખાદ્ય ભાવ વ્યવસ્થાપન પહેલોને કારણે ફુગાવો નોંધપાત્ર રીતે નિયંત્રણમાં રહ્યો છે. આ આંકડા દર્શાવે છે કે ગુજરાતે ભાવ સ્થિરતા તેમજ ઝડપી આર્થિક વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં ઉત્તમ સંતુલન પ્રાપ્ત કર્યું છે.

### ગામડાઓમાં શહેરો કરતા ફુગાવાનો દર ઓછો

ગુજરાત સરકારે નીતિગત પગલાંઓ દ્વારા ફુગાવાના દરને નિયંત્રિત કરવામાં સફળતા મેળવી છે, જેના પરિણામસ્વરૂપે માર્ચ ૨૦૨૫ માટે રાજ્યનો ફુગાવાનો દર ૨.૬૩ ટકા રહ્યો છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવાનો દર ૨.૬૧ ટકા રહ્યો, જ્યારે શહેરી વિસ્તારોમાં આ દર ગ્રામીણ વિસ્તારોની સરખામણીએ થોડો વધુ એટલે કે ૨.૭૦ ટકા રહ્યો. આ બંને આંકડાઓ રાષ્ટ્રીય ગ્રામીણ સરેરાશ ૩.૨૫ અને રાષ્ટ્રીય શહેરી સરેરાશ ૩.૪૩ ટકાની સરખામણીએ ઘણા ઓછા છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રામ વિકાસલક્ષી નીતિઓના કારણે રાજ્યના ગામડાઓમાં છુટ્ટક વસ્તુઓ સસ્તી થઈ છે અને ગામડાઓમાં શહેરો કરતા મોંઘવારી ઓછી છે. રાજ્ય સરકારની અનેક યોજનાઓ ખેડૂતલક્ષી તથા ગ્રામ વિકાસલક્ષી છે, જેના કારણે ગામડાઓ સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે.

### વિકસિત રાજ્યોની સરખામણીમાં ગુજરાતનું શાનદાર પ્રદર્શન

ગુજરાત દ્વારા કાર્યક્ષમ રીતે ફુગાવાના સંચાલનનું આ પરિણામ છે કે રાજ્યએ મોટા અને વિકસિત રાજ્યોની સરખામણીમાં ફુગાવાને નિયંત્રિત રાખવાની બાબતમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના લેટેસ્ટ આંકડાઓ મુજબ, ઉત્તરપ્રદેશ (૩.0૧%), બિહાર (૩.૧૧%), મધ્યપ્રદેશ (૩.૧૨%), રાજસ્થાન (૨.૬૬%), છત્તીસગઢ (૪.૨૫%), પશ્ચિમ બંગાળ (૩.૧૭%), કર્ણાટક (૪.૪૪%), મહારાષ્ટ્ર (૩.૮૬%) અને તમિલનાડુ (૩.૭૫%) જેવા મોટા અને વિકસિત રાજ્યોની સરખામણીએ ગુજરાત ૨.૬૩ ટકાના દર સાથે ફુગાવા પર નિયંત્રણ મેળવવામાં અસરકારક રીતે સફળ રહ્યું છે. બીજી બાજુ કેરળ ૬.૫૯ ટકા ફુગાવાના દર સાથે દેશમાં સૌથી વધુ મોંઘવારી દર ધરાવતું રાજ્ય બન્યું છે.

# આતંકવાદીઓને પકડવા માટે અમેરિકા દરેક મદદ કરશે : તુલસી ગબાર્ડ

## વડાપ્રધાન મોદી અને ભારતના લોકોને યુએસનો સંપૂર્ણ ટેકો

નવીદિલ્હી, તા. ૨૫

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની આકરી નિંદા કરવામાં સમગ્ર વિશ્વ ભારતની સાથે ઉભું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઉપરાંત, ઘણા યુરોપિયન અને આરબ દેશોએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સમર્થન આપવાની ખાતરી આપી છે. દરમિયાન, યુએસ ગુપ્તચર વડા તુલસી ગબાર્ડે પહેલગામ હુમલાને ઈસ્લામિક હુમલો ગણાવ્યો છે અને કહ્યું છે કે આતંકવાદીઓને પકડવા માટે અમેરિકા ભારતને દરેક રીતે મદદ કરશે. તુલસી ગબાર્ડે કહ્યું છે કે આ મુશ્કેલ સમયમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે.

શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, તુલસી ગબાર્ડે લખ્યું, પહેલગામમાં ૨૬ હિન્દુઓને નિશાન બનાવતા ભયાનક ઇસ્લામિક આતંકવાદી હુમલા પર અમે ભારત સાથે એકતામાં ઉભા છીએ. મારી



પ્રાર્થના અને સંવેદનાઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારતના તમામ લોકો સાથે છે જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. તેમણે વધુમાં કહ્યું, અમે તમારી સાથે છીએ અને આ જઘન્ય હુમલો કરનારા લોકોને પકડવામાં અમે તમને સંપૂર્ણ સહયોગ આપીશું.

આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતા કહ્યું હતું કે આતંકવાદ સામે અમેરિકા ભારતની સાથે મજબૂતીથી ઉભું છે. હુમલા પછી, તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાત પણ કરી. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ‘‘કાશ્મીરથી ખૂબ જ ચિંતાજનક સમાચાર આવ્યા છે. અમેરિકા આતંકવાદ સામે ભારતની સાથે મજબૂતીથી ઉભું છે. અમે માર્યા ગયેલા લોકોના આત્માની શાંતિ અને ઘાયલોના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ. વડાપ્રધાન મોદી અને ભારતના લોકોને અમારો સંપૂર્ણ ટેકો અને ઊંડી સહાનુભૂતિ છે. અમારી સંવેદના તમારા બધા સાથે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી છે. પુતિને તેને ભયંકર ગુનો ગણાવ્યો છે અને કહ્યું છે કે આવા કૃત્ય માટે કોઈ વાજબીપણું હોઈ શકે નહીં. તેમણે આ હુમલામાં માર્યા ગયેલા પ્રવાસીઓ પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય એકતાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

પાણી બંધ કર્યા પછી, બંધોની ક્ષમતા વધારવામાં આવશે. બંધોની ક્ષમતા વધારવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જેથી વધુ પાણીનો સંગ્રહ કરી શકાય

# પાકમાં એક પણ ટીપું પાણી નહીં જાય : પાટીલ

નવીદિલ્હી, તા. ૨૫

પહેલગામ આતંકવાદી હુમલાના તણાવ વચ્ચે, જળ સંસાધન મંત્રી સીઆર પાટીલે એક મોટું નિવેદન આપ્યું છે. સીઆર પાટીલે જણાવ્યું હતું કે સિંધુ જળ સંધિ અંગે લેવાયેલા નિર્ણયનું પાલન કરવામાં આવશે. આ નિર્ણય ત્રણ તબક્કામાં લાગુ કરવામાં આવશે. તાત્કાલિક, મધ્યમ ગાળાના અને લાંબા ગાળાના. પાણીનું એક ટીપું પણ પાકિસ્તાન ન જાય તેની વ્યવસ્થા કરવામાં આવશે. સિંધુ જળ સંધિ સ્થગિત થયા બાદ, શુક્રવારે ગૃહમંત્રી અમિત શાહના નિવાસસ્થાને પાણીના વ્યવસ્થાપન અને ઉપયોગ અંગે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિદેશ મંત્રી, જળ ઉર્જા મંત્રી અને ત્રણેય મંત્રાલયોના સચિવ સ્તરના અધિકારીઓ હાજર રહ્યા હતા.

સૂત્રો કહે છે કે પાકિસ્તાન જતું પાણી બંધ કરવામાં આવશે. તેની અસર ટૂંક સમયમાં પાકિસ્તાન પર દેખાશે. પાણી બંધ કર્યા પછી, બંધોની ક્ષમતા વધારવામાં આવશે. બંધોની ક્ષમતા વધારવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જેથી વધુ પાણીનો સંગ્રહ કરી શકાય. આ માટે, બંધોમાંથી કાંપ દૂર કરવામાં આવશે. ડેમનું ફ્લશિંગ પણ કરવામાં આવશે. આ સંધિ વિશ્વ બેંક દ્વારા કરવામાં આવી હતી. તેથી, તેમને ભારત સરકારના આ નિર્ણય વિશે પણ જાણ કરવામાં આવશે. આ નિર્ણયનો અમલ તાત્કાલિક શરૂ થશે.

ભારતે પાકિસ્તાનને સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરવાના તેના નિર્ણયની જાણ કરી દીધી છે, અને કહ્યું છે કે પાકિસ્તાને તેની શરતોનું ઉલ્લંઘન કર્યું છે. ભારતના જળ સંસાધન સચિવ દેબાશ્રી મુખર્જીએ તેમના પાકિસ્તાની સમકક્ષ સૈયદ અલી મુર્તઝાને પત્ર લખ્યો. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરને નિશાન બનાવીને સતત સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. આ સંધિ વિશ્વ બેંક દ્વારા કરવામાં આવી હતી. તેથી, તેમને ભારત સરકારના આ નિર્ણય વિશે પણ જાણ કરવામાં આવશે. આ નિર્ણયનો અમલ તાત્કાલિક શરૂ થશે.

ભારતે પાકિસ્તાનને સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરવાના તેના નિર્ણયની જાણ કરી દીધી છે, અને કહ્યું છે કે પાકિસ્તાને તેની શરતોનું ઉલ્લંઘન કર્યું છે. ભારતના જળ સંસાધન સચિવ દેબાશ્રી મુખર્જીએ તેમના પાકિસ્તાની સમકક્ષ સૈયદ અલી મુર્તઝાને પત્ર લખ્યો. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરને નિશાન બનાવીને સતત સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે.



# પાકિસ્તાનીઓને ગોતી ગોતીને રવાના કરો : શાહ

## તમામ રાજયના મુખ્યમંત્રીઓ સાથે ગૃહ મંત્રીએ કરી ટેલીફોનિક વાતચીત : તાકીદે કામગીરી હાથ ધરવા આદેશ

નવીદિલ્હી, તા. ૨૫

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે પાકિસ્તાન સંબંધિત તમામ વિઝા રદ કરવાના નિર્દેશો આપ્યા છે. આ સંદર્ભમાં ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી છે. અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને પોતપોતાના રાજ્યોમાંથી કાઢી મૂકે. ગૃહમંત્રીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત સરકાર સતત એક્શન મોડમાં છે. આ હુમલા પછી, ભારત સરકારે સૌપ્રથમ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ મુલતવી રાખી. ભારતે પાકિસ્તાનને ઔપચારિક પત્ર લખીને સિંધુ જળ સંધિ સ્થગિત કરવાની જાણ કરી હતી.

બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં કડક નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં સિંધુ જળ સંધિ મુલતવી રાખવાનો નિર્ણય પણ સામેલ હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦ થી સિંધુ જળ સંધિ અમલમાં છે. સિંધુ નદીને પાકિસ્તાનની જીવાદોરી માનવામાં આવે છે. ૨૧ કરોડથી વધુ વસ્તી તેમની પાણીની જરૂરિયાતો પૂરી કરવા માટે સિંધુ અને તેની ચાર ઉપનદીઓ પર આધાર રાખે છે.

આ ઉપરાંત અટારી બોર્ડર બંધ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો. ભારત આવેલા પાકિસ્તાની નાગરિકોને આ માર્ગે પાછા ફરવા માટે ૧ મે સુધીનો સમય આપવામાં આવ્યો છે. ભારતમાં પાકિસ્તાની હાઇ કમિશનમાં તૈનાત પાકિસ્તાની સંરક્ષણ સલાહકારોને દેશ છોડવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. ઉપરાંત, બંને હાઇ કમિશનમાં તૈનાત કર્મચારીઓની સંખ્યા ૫૦ થી ઘટાડીને ૩૦ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા જ્યારે ૧૭ લોકો ઘાયલ થયા હતા. સીસીએસની બેઠક બાદ નિર્ણય લેવામાં આવ્યો કે પાકિસ્તાનીઓના વિઝા રદ કરવામાં આવશે. હવે આ સંદર્ભમાં, ગૃહમંત્રી અમિત શાહે પણ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને આવું જ કરવા સૂચના આપી છે. અહીં સમજવા જેવી વાત એ છે કે પાકિસ્તાનીઓ ઘણા રાજ્યોમાં ગેરકાયદેસર રીતે રહે છે, તેથી હવે તેમને ઓળખીને બહાર કાઢવાનું કહેવામાં આવ્યું છે.



### સેના પ્રમુખ કાશ્મીર પ્રવાસે

વેલ, જ્યારે અમિત શાહ આ સમયે અધિકારીઓ સાથે બેઠક કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ, સેના પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદી પણ જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે ગયા છે. તેમણે એમ પણ કહ્યું કે તપાસ એજન્સીઓએ જરૂરી ઇનપુટ્સ લીધા છે અને તેના આધારે આગળની રણનીતિ બનાવવામાં આવશે. હવે આ બધી પ્રકારની પ્રવૃત્તિઓ સૂચવે છે કે સરકાર કોઈ મોટું પગલું ભરવા જઈ રહી છે. જોકે, આનો અંદાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક નિવેદન પરથી લગાવી શકાય છે. બિહારની ધરતી પરથી તેમણે આતંકવાદીઓને ખુલ્લો પડકાર આપ્યો છે.



રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીની અધ્યક્ષતામાં 'સરસ' મેળો યોજાયો

# મહિલાઓમાં રહેલી સુષુપ્ત કલાઓને ખીલવવાનું માધ્યમ બન્યા મેળા

## સરસ મેળા મારફતે બહેનોને બહોળા વેચાણનો મળશે લાભ : ૪ મે સુધી આયોજિત સરસ મેળામાં ૫૦ ક્રાફ્ટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉપલબ્ધ

રાજકોટ, તા. ૨૫

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીની અધ્યક્ષતા અને ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહની વિશેષ ઉપસ્થિતિમાં ''સરસ મેળા-૨૦૨૫''નો ઉદ્દઘાટન સમારોહ યોજાયો હતો. રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે, સ્ત્રીને જગદંબાનું સ્વરૂપ મનાય છે. દરેક નારીમાં શક્તિનો ધોધ સમાયેલો છે. ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓના ૧૬ શણગાર અને ૬૪ કળાનું અનેરું માહાત્મ્ય છે. ત્યારે સખી મેળા મહિલાઓમાં રહેલી સુષુપ્ત કલાઓને ખીલવવાનું માધ્યમ બન્યા છે. સફળતાનો માર્ગ સરળ નથી, બહેનો અનેક પડકારોનો સામનો કરીને પરિવાર અને રોજગારની જવાબદારી નિભાવતી હોય છે, જે ધન્યવાદને પાત્ર છે.



સશક્ત ભારતના નિર્માણમાં આત્મનિર્ભર નારીનું યોગદાન જરૂરી છે. કારણ કે મહિલાઓ પગભર બનશે તો તેમના થકી પરિવાર, પરિવાર થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્રની પ્રગતિ થશે. ત્યારે બહેનોને અનુરોધ છે કે, ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશે પોતાની આસપાસની મહિલાઓને પણ જાગૃત કરે તથા તેઓને આર્થિક પગભર બનાવવા સખી મંડળોમાં જોડાવવાની પ્રેરણા આપે. રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહે મહિલા સશક્તિકરણ પર ભાર મુકતા જણાવ્યું હતું કે, વર્તમાનમાં તમામ ક્ષેત્ર મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે. દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ તથા કેન્દ્રીય નાણા મંત્રીનું પદ મહિલાઓથી શોભી રહ્યું છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધી મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ડ્રોનની તાલીમ મેળવી હજારો રૂપિયાની કમાણી થકી બહેનો પોતાના પરિવાર માટે આર્થિક રીતે મદદરૂપ થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત આ સરસ મેળો રાજકોટના પ્રાઈમ લોકેશન પર હોવાથી બહેનોને બહોળા વેચાણનો લાભ મળશે, તેમ જણાવતા દર્શિતાબહેને ઉમેર્યું હતું કે, બહેનો તદ્દન નિઃશુલ્ક રીતે આ મેળામાં ભાગ લઈ શકે છે સાથોસાથ વેકેશનના માહોલના કારણે વધુને વધુ રાજકોટવાસીઓ આ મેળાની મુલાકાત લેશે, જે સખી મંડળની મહિલાઓ માટે ફાયદાકારક રહેશે.


ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા ૦૪ મે સુધી આયોજિત સરસ મેળામાં ૫૦ ક્રાફ્ટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉપલબ્ધ છે. સરસ મેળામાં ઓનલાઇન ડ્રો થકી ગુજરાતના તમામ જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં વસતા અને આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા સ્વસહાય જૂથોને સ્ટોલનો લાભ મળ્યો છે. જેમાં રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાના કુલ ૨૨ સ્વસહાય જૂથોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર દ્વારા સ્ટોલધારકો માટે વિનામૂલ્યે રહેવા અને જમવાની વ્યવસ્થા કરાઈ છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદ સુરેશ ગોવિંદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ સહિત અધિકારીઓ, કર્મચારીઓ, સખી મંડળની બહેનો તથા સ્ટોલધારકો ઉપસ્થિત રહ્યાં હતાં.

કલેશની આગ હમેંશા કરૂણ પરિણામ લઈને આવતી હોય છેઃ ચોંકાવનારી મર્ડર મિસ્ટ્રી

# પ્રેમીએ પ્રેમિકાને ગળુ દાબી મોતને ઘાટ ઉતારી દીધી

## પોતે જ દવાખાને લઈ ગયો અને કહ્યું કે-આને ખેંચી આવી જતાં બેભાન થઇ ગઇ છેઃ પણ પોસ્ટમોર્ટમમાં ભાંડો ફુટ્યો પછી પોલીસે કલાકોમાં ભેદ ખોલ્યોઃ લગ્ન વગર જ પ્રેમી સાથે પત્નિની જેમ રહેતી હતીઃ બંને વચ્ચેનો ઝઘડો હત્યા સુધી પહોંચ્યો

રાજકોટઃ હત્યાની ઘટનાઓ તો રોજબરોજ બનતી રહે છે. જે પૈકી મોટા ભાગની ઘટનાઓમાં પોલીસ તુરંત ભેદ ઉકેલી હત્યારાઓને દબોચી લેતી હોય છે. પરંતુ અમુક ઘટના મિસ્ટ્રી બની જતી હોય છે. આવી મર્ડર મિસ્ટ્રી ઉકેલવા પોલીસને ભારે મહેનત કરવી પડતી હોય છે. આવો જ એક ભેદ ઉકેલાયો છે. એક મહિલાનું ખેંચ આવતાં મૃત્યુ થઇ ગયું છે તે પ્રકારની વિગતો જાહેર થઇ હતી. પોલીસે જે તે વખતે આકસ્મિક મૃત્યુની નોંધ કરી તપાસ આગળ ધપાવી હતી. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતાં જ પોલીસ ચોંકી ગઇ હતી. કારણ કે આ મહિલાનું મોત ગળુ દબાવવાથી શ્વાસ રૂંધાઇ જવાથી થયાનો રિપોર્ટ આવ્યો હતો. જેને પોલીસ આકસ્મિક મૃત્યુ સમજતી હતી તે ઘટના હવે હત્યાની નીકળતાં ભેદ ઉકેલવા પોલીસે કમર કસી હતી. મહેનત સફળ થઇ હતી અને ભેદ ઉકેલાયો હતો. કલેશ થવાને કારણે પ્રેમીએ જ હત્યા કર્યાનું ખુલતાં તેને દબોચી લેવાયો હતો. બંને ભાગીને આવ્યા હતાં અને લગ્ન વગર પતિ-પત્નિની જેમ રહેતાં હતાં.આ રહસ્ય જગાવતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો કચ્છના માંડવી તાલુકાના રત્નાપર મઉં ગામે મહિલાના મોત કેસમાં નવો વળાંક સામે આવ્યો છે. ખુદ પતિએ જ ઘર કંકાસમાં પત્નિનું ગળું દબાવી મામલાને બીમારીથી




મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસની તપાસમાં હકીકતો સામે આવતા હત્યાનો ગુનો દાખલ કરી આરોપીને દબોચી લેવાયો છે. ગઢશીશા પોલીસ સ્ટેશનના સુત્રોના કહેવા મુજબ માંડવી તાલુકાના રત્નાપર મઉં ગામે રહેતા મૂળ છોટાઉદેપુર બોડેલીના મહેશભાઇ સોલંકીની દિકરી ધરતીબેન વાડીમાં હતી ત્યારે રાત્રીના સમયે ફીટ આવી જતા મોઢામાંથી ફીણ નીકળી આવ્યા હતા. આથી તેણીને ગઢશીશાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઇ જવાઇ હતી. પરંતુ ડોક્ટરે તેણીને મૃત જાહેર કરી હતી. જે તે સમયે ગઢશીશા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો હતો. પરંતુ નિયમાનુસાર પોલીસે ધરતીબેનના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવતાં જ હકિકત કંઇક જુદી જ સામે આવી હતી. પેનલ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. જેમાં હાથ વડે ગળું દબાવવાના કારણે મોત થયાનું સામે આવ્યું હતું. આથી પોલીસ હરકતમાં આવી ગઇ હતી અને હત્યા કોણે શા માટે કરી? તેની તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મૃતકને હોસ્પિટલે કોણ લાવ્યું? તેની તપાસ કરતાં એક નામ સામે આવ્યું હતું. આ શખ્સ હતો સત્યાવીસ વર્ષનો સદ્દગુરૂ પ્રવીણભાઇ તડવી. આ શખ્સ ધરતીબેનનો પ્રેમી હતો. પોલીસે સદ્દગુરૂને ઉઠાવી લઇ આકરી પુછપરછ શરૂ કરતાં જ જેમાં તે ભાંગી પડ્યો અને ઘરકંકાશમાં ગળું દબાવી હત્યા કરી હોવાની કબૂલાત આપી હતી. મોત થયા બાદ તેને ગઢશીશા આરોગ્ય કેન્દ્રમાં પોતે જ લઈ ગયો હતો અને તેણીને ખેંચ આવી ગયાનું કહી હત્યાને કુદરતી મોત, બિમારીમાં ખપાવવા પ્રયાસ કર્યો હતો. જો કે તેનું આ જુઠ્ઠાણુ ઉઘાડુ પડી ગયું હતું.આ ઘટનામાં પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. તપાસમાં સામે આવ્યું કે, આ સદગુરૂ તડવી હતભાગી ધરતીબેનને ભગાડીને રત્નાપર મઉં ગામે આવ્યો હતો. બે-અઢી મહિનાથી તે સાથે રહેતો હતો. બન્નેના લગ્ન થયા ન હતા પરંતુ બન્ને પતિ-પત્નિની જેમ જ સાથે રહેતા હતા. બન્ને વચ્ચે થયેલા કંકાસમાં આવેશમાં આવીને સદગુરૂએ ગળું દબાવી મહિલાની હત્યા કરી મામલાને બિમારીથી મોતમાં ખપાવવાનોપ્રયાસ કર્યો હતો. ગઢશીશાના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર સી. વાય. બારોટ, પીએસઆઇ એમ. કે. પરમાર સહિતની ટીમે આ ભેદ ઉકેલી નાંખ્યો હતો.

# મુંબઈ ઝાયકા, P-GRILL, HOT SPICY પર આરોગ્યના દરોડા

## ૨૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ : હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસની બજવણી

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સદગુરુ તીર્થધામ, શોપ નં.૫૦, રૈયા રોડ, રાજકોટ મુકામે આવેલ ''મુંબઈ ઝાયકા'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી- વાસી બેકરી પ્રોડકટસ તથા વાસી અખાદ્ય નોનવેજ પ્રિપેર્ડ ફૂડ વગેરે મળીને અંદાજીત કુલ ૧૨ કિ.ગ્રા. વાસી અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, કિચનમાં હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સદગુરુ તીર્થધામ, શોપ નં.૪૨, રૈયા રોડ, રાજકોટ મુકામે આવેલ ''ડ-ત્રુૠછંઈકક'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી- વાસી બેકરી પ્રોડક્ટસ તથા વાસી અખાદ્ય સોસ - ચટણી વગેરે મળીને અંદાજીત કુલ ૧૦ કિ.ગ્રા. વાસી અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ક્રિસ્ટલ મોલ સામે, કાલાવડ રોડ, રાજકોટ મુકામે આવેલ ''ઈંઘઝ જડઈંઈઢ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી- વાસી બેકરી પ્રોડક્ટસ તથા વાસી અખાદ્ય સોસ - ચટણી વગેરે મળીને અંદાજીત કુલ ૦૬ કિ.ગ્રા. વાસી અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ ઉપયોગમાં લેવાતા તેલનો પ્રકાર, બટર/ ફેટ સ્પ્રેડ દર્શાવતું બોર્ડ લગાવવા તેમજ પેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા ત્રુઝઠ વાન સાથે શહેરના રેલનગર ફાયર બ્રિગેડ વાળો રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૧ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.





### લાયસન્સ મેળવવા બાબતે વિવિધ પેઢીઓને પાઠવાઈ નોટિસ

હાઉસ ઓફ ફલેવર્સ, મોમાઈ જનરલ સ્ટોર, રવિરાંદલ જનરલ સ્ટોર, ભગવતી પ્રોવિઝન સ્ટોર, કે.કે. જનરલ સ્ટોર, જય પીઠડ આઈ મઠ્ઠો, લક્ષ્મીધારા આઈસડીશ, ચામુંડા ભાજી કોન, બાપા સીતારામ આઈસ્ક્રીમ ગોલા, મઢૂલી હોટલ, શિવાંશી સુપર માર્કેટ, શિવમ રેસ્ટોરેન્ટ, શિવમ અમૂલ પાર્લર, જય ભોલે જનરલ સ્ટોર્સ, શ્રીહરી સુપર માર્કેટ, વેલનેસ મેડીકલ, વિશ્વા મેડીકલ સ્ટોર, ચામુંડા ફરસાણ, આવકાર પ્રોવિઝન સ્ટોર, બાપા સીતારામ કોલ્ડ્રિંક્સ, સાઉથ કા કમાલની ચકાસણી કરવામાં આવેલ.

### ઈશ્ક કે દુશ્મન હજાર: 'ઈશિકા'ને ગામના હિન્દુ યુવાન 'કાના' સાથે લવ થયો પણ કહાનીનો અતિ ક્રુર અંત થયો

# પ્રેમમાં પડેલી દિકરીને પિતાએ મોતને ઘાટ ઉતારી દીધી

## ખાંભામાં ઓનર કિલીંગની ઘટનાથી ચકચાર: ઈશિકાએ અભયમની મદદ માંગી: ટીમ પહોંચી એ પહેલા થઈ ચુકી હતી હત્યા

રાજકોટ: પ્રેમ, ઇશ્ક, લવની આગ એવી હોય છે જે એક વખત સળગે પછી કાં તો પ્રેમીઓ આબાદ થઇ જાય છે અને કાં તો થઇ જાય છે બરબાદ. અનેક એવા કિસ્સા સામે આવતાં હોય છે જેમાં પ્રેમ કહાનીનો કરૂણ ક્રુર અંત આવતો હોય છે. આવી વધુ એક ચોંકાનારી ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે. જેમાં ગામના જ યુવાન કાના સાથે પ્રેમમાં પડેલી ઈશિકા નામની યુવતિની પ્રેમકહાનીનો તેની હત્યા સાથે અંત આવ્યો છે. ઈશિકાની હત્યા બીજા કોઇએ નહિ પણ ખુદ તેના જ પિતાએ કરી નાંખી છે. બાપ પોતાને મારી નાંખશે તેવો આ દિકરીને ભય હોઇ અભયમ ટીમની મદદ માંગી હતી. આ ટીમ તુરત જ ત્યાં મદદ માટે પહોંચી હતી. પણ એ પહેલા બાપે ગળુ દાબી દિકરીનું કામ તમામ કરી નાંખ્યું હતું. હત્યારા પિતાની પોલીસે અટકાયત કરી છે.

ઓનર કિલીંગની આ ઘટનાથી સમગ્ર અમરેલી જીલ્લામાં અને સૌરાષ્ટ્રભરમાં ચકચાર મચી ગઇ છે. અમરેલી જિલ્લામાં ખાંભાના ડેડાણ ગામમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. જ્યાં પિતાએ બાવીસ વર્ષીય પુત્રીની હત્યા કરી દીધી હતી. દિકરીના પ્રેમસંબંધને કારણે પરિવારજનો અને પિતા નારાજ હતા. દરમિયાન આ દિકરી પણ જીદે ચડી હતી કે પરણશે તો ગામમાં જ રહેતાં પોતાના પ્રેમી એવા હિન્દુ યુવાન કાનાને, અન્યથા કોઇને નહિ પરણે. તેની આ જીદ પરંતુ અન્ય ધર્મના હોવાથી પિતા રાજી ન હતા. કારણ કે તેણીના પ્રેમીનો ધર્મ અલગ હતો. તે એકની બે થઇ નહોતી. તેને ભય પણ હતો કે હવે તે જીવતી નહિ રહે. આથી તેણે હિમ્મત કરી ૧૮૧ અભયમની મદદ માગી હતી. આ સાથે જ અભયમની ટીમ પહોંચી પણ હતી. પરંતુ ત્યારે મોડુ થઇ ગયું હતું. સમાજમાં ઈજ્જત બચાવવા પિતાએ વ્હાલસોયી દિકરીની ગળુ દબાવી હત્યા કરી હતી.



હત્યા કર્યા બાદ પિતાએ દિકરીની લાશને એવી રીતે ગોઠવી દીધી હતી જાણે તે ઉંઘી રહી હોય તેમ લાગે. ટીમ પહોંચી પણ દિકરી ન ઉઠી એટલે પોલીસના વધારાના સ્ટાફને બોલાવવામાં આવતાં તપાસ થતાં હત્યાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસ ખુદ આ બનાવમાં ફરિયાદી બની હતી અને આરોપી પિતાને સાણસામાં લેવા તજવીજ કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ ખાંભાના ડેડાણ ગામમાં ઓનરકિલિંગની ઘટના સામે આવી છે. અહીં ઈશિકાબેન ખોખર નામની બાવીસ વર્ષીય યુવતીને ગામના કાના નામના વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો. બંનેના ધર્મ અલગ હતાં. આથી પરિવારજનો અન્ય જગ્યાએ યુવતીની સગાઈ કરી લગ્ન કરવા માંગતો હતો. પરંતુ યુવતી તેના કાના સાથે પ્રેમસંબંધ આગળ વધારવા માંગતી હતી. આ દરમિયાન દીકરીને પ્રેમસંબંધ હોવાથી કારણે સમાજમાં આબરૂ જવાની બીકે યુવતીનો સગો બાપ એવો મજીદભાઇ ગુલાબભાઈ ખોખરે રાત્રિના સમયે ગળું દબાવી હત્યા કરી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઇ હતી.

ઘટનાને લઈ ખાંભા પોલીસ એએસપી જયવીર ગઢવી સહિત પોલીસ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી ખાંભા પોલીસ ફરિયાદી બની આરોપી પિતા સામે હત્યાનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.રવિરાજ સિંહ ચૌહાણ જાતે જ ફરીયાદી બન્યા હતા. જેમાં ફરિયાદ નોંધાઈ તે પ્રમાણે વહેલી સવારે મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમની ટીમ ડેડાણ ગામમાં મજીદભાઈના ઘરે પહોંચી હતી. જેમાં યુવતી ઈશિકાબેને મદદ માટે બોલાવેલા હોવાથી ટીમ અહીં યુવતી કંઈ બોલી નહીં શકતા હોય. આ ગંભીરતા દાખવી ખાંભા પોલીસને બોલાવવામાં આવી હતી. હત્યા પહેલા ઈશિકાબેનએ ૧૮૧ની અભયમ ટીમ પાસે મદદ માંગી હતી. અન્ય વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હોય અને પિતા પરિવાર જબરદસ્તીથી અન્ય સાથે લગ્ન કરાવવા માંગતા હતાં.

યુવતીને કાના સાથે લગ્ન કરવા હતા. પરંતુ કાનો હિન્દુ સમાજનો હોવાને કારણે પિતા, પરિવાર ના પાડતા હતા.

યુવતીને કાના સાથે પ્રેમસંબંધ હોવાથી લગ્ન કરવા ઈચ્છતી હતી. રાત્રિના સમયે હત્યા પહેલા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇનને જાણ કરી મદદ માંગવામાં આવી હતી. પરંતુ, અહીં પહોંચી પરિવારજનોને પૂછતાં કહ્યું સૂતી છે. બોલાવતા, બોલતી નહીં હોવાને કારણે પોલીસને બોલાવતા ફાંડો ફૂટ્યો હતો. દિકરીનુંગળું દબાવી પિતાએ હત્યા કરી સુવડાવી દીધી હતી. પોલીસે ડાણપૂર્વક તપાસનો ધમધમાટ શરૂ કરતા પિતા આરોપી ભાંગી પડ્યો હતો અને હત્યા કર્યાની કબૂલાત આપી હતી. હાલ ખાંભા પોલીસ દ્વારા હત્યાનો ગુન્હો નોંધી આરોપી પિતાની ધરપકડ કરવા માટેની કવાયત હાથ ધરી હતી.

# ડામર કોન્ટ્રાક્ટની અવધી ૧૮ માસની નહીં ૧૨ માસની કરો : શુકલ

## કોર્પોરેટર નેહલ શુક્લાએ સ્ટેન્ડિંગ બેઠક પૂર્વેની સંકલનમાં ઉપાડ્યો મુદ્દો : મહાનગરપાલિકાએ કોન્ટ્રાક્ટ એક વર્ષનો કર્યો

રાજકોટ તા. ૨૫

ગઈકાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી તે પૂર્વે સંકલનમાં દર વખતની જેમ નેહલ શુક્લ દ્વારા પોતાની આગવી શૈલીમાં કોર્પોરેશનને જનજોડ્યું હતું. મળતી માહિતી મુજબ ગઈકાલની બેઠકમાં સેન્ટ્રલ ઝોનના છ વોર્ડના માર્ગોના જે રસ્તાઓનું ઝેરી કાર્પેટ નું કામ એજન્સીને આપવામાં આવ્યું છે તેની સમય મર્યાદા ૧૮ મહિનાની રાખવામાં આવતા કોર્પોરેટર નેહલ શુક્લએ જણાવ્યું કે આ પ્રકારના કાર્યોમાં એક વર્ષની જ સમય અવધી આપવામાં આવતી હોય છે ત્યારે કયા કારણોસર ૧૮ મહિના રાખવામાં આવ્યો તે સૌથી મોટો પ્રશ્ન છે.

સંકલન દરમિયાન કોર્પોરેટર નેહલ શુક્લ દ્વારા આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો અને



જણાવવામાં આવ્યું હતું કે મહાનગરપાલિકાના ઇતિહાસમાં સર્વપ્રથમ વખત ક્લાસિક નેટવર્ક ને જે કોન્ટેક્ટ આપવામાં આવ્યો છે તે ૧૮ મહિનાનો છે. ત્યારે વર્ષ ૨૦૨૫ માં ચૂંટણી આવવાની હોવાથી યોગ્ય રીતે કામગીરી થાય તે માટે વેસ્ટ ઝોનમાં પણ એક વખત ૧૮ માસ નો કોન્ટ્રાક્ટ એજન્સીને આપવામાં આવ્યો હતો. પરંતુ કોર્પોરેટરના વિરોધ વચ્ચે મહાનગરપાલિકા દ્વારા તે કામગીરીની સમય મર્યાદા ૧૮ મહિનાથી ઘટાડી ૧૨ માસ કરી દેવામાં આવી છે.

આ વિરોધ વચ્ચે મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટ ની અવધી એક વર્ષની જ કરી દેવામાં આવી અને કોન્ટ્રાક્ટમાં એ વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો કે જો ૧૨ મહિના બાદ જરૂર પડે તો મંજૂર થયેલા ભાવ મુજબ જ ડામર કામ કરી આપવાનું રહેશે જેથી ચૂંટણી આચારસંહિતા અમલી થાય તો પણ ડામર કામ ચાલુ રાખી શકાય. જે દરખાસ્ત મુકવામાં આવી તેમાં સ્ટેન્ડિંગ ચેરમેને જણાવ્યું કે છ વોર્ડમાં પાણી પૂરતા ફોર્સ થી મળે અને લાઈન લીકેજની સમસ્યા નો સામનો રહેવાસીઓએ ન કરવો પડે તે માટે જે આંતરિક રસ્તાઓ ખોદવામાં આવ્યા છે તેના ઉપર નવેસરથી ડામર કામ કરવા માટે કોન્ટ્રાક્ટ આપવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં ૩૯,૦૦૦ ચોરસ મીટર થી વધુ ના કામ માટે જીએસટી સહિત ૩૨.૭૨ કરોડના એસ્ટીમેન્ટ સાથે ટેન્ડર પ્રસિદ્ધ થયું હતું જેમાં બે એજન્સીના ટેન્ડર આવ્યા હતા.

ક્લાસિક નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડ ૧૧.૮૮% ઓન અને રાજ ચામુંડા કન્સ્ટ્રક્શન કંપનીએ ૧૩.૦૫ ટકા ઓન ભાવથી ટેન્ડર ભર્યું હતું જેમાં ક્લાસિક ની ઓફર નીચી આવતા ૩૧.૩૧ કરોડના ડામર કામનો કોન્ટ્રાક્ટ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કર્યો હતો

# હિરાસર એરપોર્ટ રહેશે ૨૪ કલાક કાર્યરત

## દિલ્હી- દુબઈ ફ્લાઇટનું સ્ટોપઓવર હવે રાજકોટ




રાજકોટ, તા. ૨૫

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા બાદ હાલ ભારત દ્વારા ઘણા કઠોળ નિર્ણય લેવામાં આવ્યા છે ત્યારે પાકિસ્તાને પોતાની એર સ્પેસ બંધ કરી દેતા હવે દિલ્હીથી દુબઈ જતી ફ્લાઈટ નું સ્ટોપ ઓવર રાજકોટ હિરાસર એરપોર્ટ ખાતે નક્કી કરવામાં આવ્યું છે આ નિર્ણયથી રાજકોટનું આ ગ્રીનફિલ્ડ એરપોર્ટ ૨૪ કલાક ધમધમતું રહેશે.

પાકિસ્તાન દ્વારા ભારત માટે તેની એર સ્પેસ પર પ્રતિબંધ મૂકી દીધો છે જેના કારણે ભારતની એર લાઈન્સને ભારત પર આવવા જવા માટે અન્ય રૂટ નો ઉપયોગ કરવો પડશે અને લગભગ મધ્ય પૂર્વ એશિયાના દેશ માં જવા માટે ભારતને હવે અરબ સાગર ની એર સ્પેસ નો ઉપયોગ કરવો પડશે આ જ કારણ થી દેશના એવિએશન ડીપાર્ટ મેન્ટ દ્વારા પગલા લેવાયા છે જેના ભાગરૂપે રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ બે મહિના સુધી ૨૪ કલાક ખુલ્લુ રહેશે. અહીં કોઇપણ સમયે ઇન્ટરનેશનલ ફ્લાઈટનું લેન્ડિંગ થઇ શકશે. દુબઈ, ઓમાન, શાહજહાં, અમીરાત સહિત મિડલ ઈસ્ટની ફ્લાઈટ માટે રાજકોટ એરપોર્ટને ૨૪ કલાક ચાલુ રાખવા એરપોર્ટ ઓથોરિટી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત સરકરાના પગલાંને લઈ પાકિસ્તાને ભારતીય એરલાઈન્સ માટે એરસ્પેસ ક્લોઝ કરતા હાઈ ઓથોરિટી દ્વારા મિડલ ઈસ્ટ દેશોમાંથી આવતી ફ્લાઈટની ઇમરજન્સી લેન્ડિંગ માટે આ નિર્ણય લઈ રાજકોટ એરપોર્ટ ઓથોરિટીને જાણ કરવામાં આવી હતી. આ સંદર્ભે એરપોર્ટ ડિરેક્ટર દિગંત બોરાહના અધ્યક્ષ સ્થાને ગઈકાલે મહત્ત્વપૂર્ણ મિટિંગ મળી હતી. જેમાં એરપોર્ટના તમામ વિભાગના અધિકારીઓ અને ખાસ કરીને ઓપરેશનલ ટીમ સાથે અગત્યની વાટાઘાટો સાથે ૨૪ કલાક એરપોર્ટને ચાલુ રાખવા માટે વધુ ૫૦ જેટલો સ્ટાફને મોકલવા વેસ્ટર્ન રીજનને જાણ કરવામાં આવી છે. આ ઉપરાંત કસ્ટમ, ઇમિગ્રેશનની ઓથોરિટીને જાણ કરી છે.

ઉચ્ચ કક્ષાએથી બે મહિના માટે ૨૪ કલાક એરપોર્ટ ચાલુ રાખવા જણાવ્યું ઓમાન, દુબઈ, દોહા અને શાહજહાં માટે ઇન્ડિગો અને એર ઇન્ડિયાની ફ્લાઈટ દિલ્હીથી ઉડાન ભરે છે. આ સેક્ટર માટે પાકિસ્તાનના કરાચી અને લાહોર નેવિગેશન રૂટનો ઉપયોગ થતો હતો. નેવિગેશનનો આ મેપ શોર્ટકટ હતો અને ઈંધણ પણ ઓછું વપરાય છે. પાકિસ્તાનના આ નિર્ણયથી આ ફ્લાઈટ લાહોર કે કરાંચી જઈ શકે તેમ નથી એટલે અમદાવાદ એરપોર્ટને ઇમરજન્સી માટે એપ્રોચ કરાયો હતો પરંતુ ત્યાંનું એરપોર્ટ સતત વ્યસ્ત હોવાથી ઇન્ડિગો એરલાઈન્સે રાજકોટ એરપોર્ટ માટે ભલામણ કરી હતી. મળતી વિગતો અનુસાર ઉચ્ચ કક્ષાએથી બે મહિના માટે ૨૪ કલાક એરપોર્ટ ચાલુ રાખવા માટેની તૈયારી રાખવા જણાવ્યું છે






# આતંકવાદને કોઈપણ પ્રકારે નહીં ચલાવી લેવાય : માધવ દવે

## શહેર ભાજપ યુવા મોરચા દ્વારા દિવંગતોને અપાય શ્રદ્ધાંજલિ

રાજકોટ, તા. ૨૫

જમ્મુ કાશ્મીરમાં જે આતંકી હુમલો થયો તેનાથી સમગ્ર ભારત અને દેશભરમાં અરેરાટી મચી ગઈ છે. હાલ કેન્દ્ર સરકાર આ અંગે મક્કમતાથી દરેક પગલાંઓ લઈ રહી છે. ત્યારે સમગ્ર દેશભરમાં ઠેર ઠેર વિવિધ સંગઠનો અને રાજકીય પક્ષો દ્વારા શ્રદ્ધાંજલિ અને અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ગઈકાલે રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા દિવંગતોને શ્રદ્ધાંજલિ પાઠવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, રાજકોટના પ્રથમ નાગરિક મેયર નયનાબેન પેઢડિયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી સહિતના રાજકીય આગેવાનો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.



શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે જણાવ્યું હતું કે હાલ જે ઘટના ઘટી તે અક્ષમ્ય છે અને આતંકવાદને કોઈપણ રીતે ચલાવી લેવામાં નહીં આવે તે વાત પણ સાચી છે ત્યારે હાલ સમગ્ર ભારતમાં જે રોષ જોવા મળી રહ્યો છે તેને ધ્યાને લઈ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા તમામ જરૂરી પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે અને તેના ભાગરૂપે જ ગઈકાલે ખાસ મૃતકો માટે શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ભિખારી દશા છતા વટ!

## પાકિસ્તાનની વિચિત્ર દશા આ દેશના રવાડે ચઢનારા ચેતે



પીવાનું પાણી નથી, ખાવા ધાન્ય નથી, ફુગાવો આસમાને છે, વિશ્વમાં કોઈ વેલ્યુ નથી. કોઈ ભીખ આપવા પણ તૈયાર નથી, તેવા પડોશી દેશ પાકિસ્તાનની આંખ હજુ પણ ઊઘડી નથી. માણસ હોય કે દેશ, દશા સાવ કંગાળ હોય ત્યારે અસ્તિત્વ ટકાવવા વિનમ્ર બનીને અન્યના શરણે રહેવાનું હોય છે.

પાકિસ્તાનની વિચિત્રતા એ છે કે, ભિખારી જેવી દશામાં પણ વટ રાખવા મથે છે. દેશનું આવું વલણ હાસ્યાસ્પદ ગણાય. ભારતે સિંધુ નદીનું પાણી બંધ કરવાની નીતિ જાહેર કરી તો પાકિસ્તાને સ્થિતિની ગંભીરતા જાણીને તે મુજબ વર્તન કરવાને બદલે સિધી યુદ્ધની વાતો શરૂ કરી દીધી!

આ દેશનો ઈતિહાસ જુઓ તો સમજાય કે, પાકિસ્તાન પાસે સમજદારી કે સકારાત્મકતાની અપેક્ષા રાખી શકાય તેમ નથી. ધાર્મિક કટ્ટરતાના પાયા પર જ પાકિસ્તાનનું સર્જન થયું હતું. ધર્મ માણસને ઉત્તમ જીવન આપવા માટે હોય છે. ધર્મના કારણે પાકિસ્તાન ઉત્તમ બરબાદીના આરે આવી ગયું છે. છતાં તે સમજવા તૈયાર નથી.

પાકિસ્તાનનું સર્જન થયું ત્યારથી જ એ દેશ ખુદ સુખી થવાને બદલે ભારતને પાડી દેવાના ધ્યેય સાથે જ જીવે છે.


ભારત વિરોધી વર્ષો સુધી સતત નેગેટીવ પ્રવૃત્તિ છતાં ભારતે અંધાધુંધ પ્રગતિ કરી અને હવે મહાસત્તા બનવા તરફ ગતિ કરે છે. પાકિસ્તાનને કોઈ દેશ ભીખ આપવા પણ તૈયાર નથી.

આઝાદીના પાંચ-છ દાયકા બાદ પણ પાકિસ્તાન પીવાના પાણી માટે પણ આત્મનિર્ભર બની શક્યો નથી. કટ્ટરતાની ફેક્ટરી ઓ જ સર્જતો રહ્યો છે. હજુ પણ વિનમ્ર સમજદાર બનવાના બદલે યુદ્ધની ધમકીઓ આપે છે.

ભૂતકાળ પર નજર કરો. ભારત સામેના યુદ્ધમાં પાકિસ્તાનના કટકા થઈ ગયા હતા. ૯૮૦૦૦ પાકિસ્તાની સૈનિકોને ભારતીય સૈન્ય એ જીવતા ઝડપી લીધા હતા. દયાભાવ રાખીને ભારતે જીવંતદાન આપ્યું હતું. હવે તો ભારતની સૈન્ય તાકાત અનેક ગણી વધી ગઈ છે. પાકિસ્તાન તમામ મોરચે પતી ગયું છે છતાં યુદ્ધની વાતો કરે છે.

પાકિસ્તાન કર્યા ભોગવે છે. આશ્ચર્ય અને દુઃખની બાબત એ છે કે ભારતમાં ઘણા મગજ વગરના ટોળા પાકિસ્તાનને આદર્શ માનીને કટ્ટરતાનો વટ રાખે છે. કોઈ ધર્મ ખરાબ હોતો નથી પણ ધાર્મિક કટ્ટરતા જેવું નકારાત્મક પાસુ બીજું એક પણ નથી. પાકિસ્તાનને આદર્શ માનનારા પતનના માર્ગે છે.

પહેલગામ હુમલા બાદ ભારતમાં જે મૂડ સર્જાયો છે એ દર્શાવે છે કે ભારતીયોની સહનશક્તિની હદ આવી ગઈ છે. દેશમાં ધાક ધમકી, લુખ્ખાગીરી અને ધર્મના નામે તાંડવ લાંબો સમય ચાલશે નહીં. ધર્મ ઉત્તમ જીવન માટે હોય છે આ બાબત ભૂલવા જેવી નથી.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# વકફ એક્ટ ૨૦૨૫ કોઈપણ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરતો નથી

## પડકારતી અરજીઓ પર કેન્દ્ર સરકારે સુપ્રીમમાં દાખલ કર્યો જવાબ : વકફ સુધારો કાયદો મુસ્લિમ સમાજની સુધારણા અને પારદર્શિતા માટે લાવવામાં આવેલ કાયદો છે, જે કોઈપણ બંધારણીય અધિકાર છીનવતો નથી

રાજકોટ, તા. ૨૫

વક્ફ સુધારા કાયદાને પડકારતી અરજીઓ પર કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રાલયે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કરીને કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં લગાવવામાં આવેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે. સરકારે કહ્યું છે કે વકફ એક્ટ ૨૦૨૫ કોઈપણ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરતો નથી. સરકારે કોર્ટને કહ્યું છે કે હાઈકોર્ટે કોઈપણ જોગવાઈ પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રતિબંધ મૂકવો જોઈએ નહીં. કોર્ટે વકફ કેસ પર વચગાળાનો સ્ટે લાદવો જોઈએ નહીં અને સંપૂર્ણ સુનાવણી હાથ ધરીને અંતે નિર્ણય લેવો જોઈએ. સરકારે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટ પાસે બંધારણીયતાની તપાસ કરવાની સત્તા છે પરંતુ સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાને રોકવા યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં, કોઈપણ વ્યક્તિગત કેસમાં અન્યાયની ફરિયાદ નથી, તેથી આ નાગરિક અધિકારોનો મામલો નથી. હિન્દુ ધાર્મિક સંસ્થાઓના સંચાલન સાથે સરખામણી કે સમાનતા પાયાવિહોણી છે. વકફ સુધારો કાયદો મુસ્લિમ સમાજની સુધારણા અને પારદર્શિતા માટે લાવવામાં આવેલ કાયદો છે, જે કોઈપણ બંધારણીય અધિકાર છીનવતો નથી , અને ઉલ્લંઘન પણ થતું નથી.

વકફ સ્ટેટ બોર્ડ અને નેશનલ કાઉન્સિલની તુલના ચેરિટી જેવી વ્યક્તિગત સંસ્થાઓ સાથે કરી શકાય નહીં. વકફ સુધારો અધિનિયમ પુષ્ટિ આપે છે કે વકફ મિલકતની ઓળખ, વર્ગીકરણ અને નિયમન કાનૂની ધોરણો અને ન્યાયિક દેખરેખને આધીન હોવું જોઈએ. વકફ કાયદાની કાયદાકીય રચના એ સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ વ્યક્તિને કોર્ટમાં પ્રવેશથી વંચિત રાખવામાં ન આવે. વકફ કાયદો એ પણ સુનિશ્ચિત કરે છે કે



નાગરિકોના મિલકત અધિકારો, ધાર્મિક સ્વતંત્રતા અને જાહેર દાનને અસર કરતા નિર્ણયો ન્યાયીતા અને કાયદેસરતાની મર્યાદામાં લેવામાં આવે. કાયદામાં કરવામાં આવેલા સુધારાનો હેતુ વકફ વ્યવસ્થાપનમાં ન્યાયિક જવાબદારી, પારદર્શિતા અને ન્યાયીતા સુનિશ્ચિત કરવાનો છે.

વકફ એક્ટ મજબૂત બંધારણીય પાયા પર ઉભો છે અને નાગરિક અધિકારોની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કરતો નથી. આ કાયદો અધિકૃત વકફ વ્યવસ્થાપનના બિનસાંપ્રદાયિક, વહીવટી પાસાઓના કાનૂની નિયમનની જોગવાઈ કરે છે. કાયદાકીય નિયમનમાં, મુસ્લિમ સમુદાયની ધાર્મિક પ્રથાઓનું સન્માન કરવાની કાળજી લેવામાં આવી છે, જ્યારે પૂજાને અસ્પૃશ્ય છોડી દેવામાં આવી છે. વકફ કાયદો પારદર્શિતા, જવાબદારી, સામાજિક કલ્યાણ અને સમાવિષ્ટ શાસનના હેતુને પૂર્ણ કરે છે, જે બંધારણના મૂલ્યો અને જાહેર હિત સાથે સુસંગત છે. આ કાયદો બનાવવામાં સંસદે પોતાના અધિકારક્ષેત્રમાં રહીને કાર્ય કર્યું છે અને ધાર્મિક સ્વાયત્તતાને કોઈપણ રીતે અસર ન થાય તેનું ધ્યાન રાખ્યું છે.

વકફ કાયદો ધાર્મિક સ્વાયત્તતા પર અતિક્રમણ કર્યા વિના ધાર્મિક દાનનું સંચાલન કરે છે, જ્યારે ઉપાસકો અને મુસ્લિમ સમુદાય દ્વારા તેમાં મૂકવામાં આવેલા વિશ્વાસને જાળવી રાખે છે.વકફ કાયદો કાયદાકીય શક્તિનો એક માન્ય અને કાયદેસર ઉપયોગ છે, જે વકફની સંસ્થાને મજબૂત બનાવે છે.

આ કાયદો વકફ વ્યવસ્થાપનને બંધારણીય સિદ્ધાંતો સાથે સાંકળે છે અને સમકાલીન યુગમાં વકફના એકંદર અમલીકરણને સરળ બનાવે છે. વકફ કાઉન્સિલ અને બોર્ડના ૨૨ સભ્યોમાંથી વધુમાં વધુ બે બિન-મુસ્લિમ હશે.કેન્દ્ર સરકારે તેના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે સરકારી જમીનને વકફ મિલકત તરીકે ઈરાદાપૂર્વક અથવા ખોટી રીતે ચિહ્નિત કરવાનો હેતુ મહેસૂલ રેકોર્ડ સુધારવાનો છે અને સરકારી જમીનને કોઈપણ ધાર્મિક સમુદાયની જમીન ગણી શકાય નહીં.

# આતંકવાદ ‘‘વૈશ્વિક ખતરો’’: ધનખડ

## ભારતનો શાંતિપ્રિય સ્વભાવ, તેના નેતૃત્વની તાકાત સાથે, આંતરિક કે બાહ્ય જોખમો છતાં આગળ વધવાનું ચાલુ રાખશે

નવીદિલ્હી, તા. ૨૫

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાની નિંદા કરી, આતંકવાદને ‘‘વૈશ્વિક ખતરો‘‘ ગણાવ્યો અને પીડિતો સાથે એકતા વ્યકત કરી. રાજભવન ખાતે તમિલનાડુની રાજ્ય, કેન્દ્રીય અને ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓના પરિષદના ઉદઘાટન સત્રમાં બોલતા, ધનખડે પીડિતોની યાદમાં બે મિનિટનું મૌન પાળ્યું.

પહેલગામમાં થયેલા જઘન્ય હુમલામાં નિર્દોષ લોકોના જીવ ગયા, જેના પર હું રાષ્ટ્ર સાથે ઊંડો દુઃખ અને આક્રોશ વ્યક્ત કરું છું. ‘‘આ એક યાદ અપાવે છે કે આતંકવાદ એક વૈશ્વિક ખતરો છે, તેમ ધનખડે કહ્યું. તેમણે કહ્યું કે ભારતનો શાંતિપ્રિય સ્વભાવ, તેના નેતૃત્વની તાકાત સાથે, આંતરિક કે બાહ્ય જોખમો છતાં દેશ આગળ વધવાનું ચાલુ રાખશે. ૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલામાં ૨૫ ભારતીય નાગરિકો અને એક નેપાળી પ્રવાસી માર્યા ગયા હતા, જેમાં



પીડિતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેમાં તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિ અને અનેક વાઈસ ચાન્સેલરો જોડાયા હતા.

ઉપરાષ્ટ્રપતિએ લોકોને રાજકીય કે વ્યક્તિગત એજન્ડાથી ઉપર રાષ્ટ્રીય હિતને સ્થાન આપવા પણ વિનંતી કરી. તેમણે કહ્યું, ‘‘આપણે બધા જ મતભેદોથી ઉપર ઉઠીને રાષ્ટ્ર માટે એક થવું જોઈએ.‘‘ આ હુમલાના જવાબમાં, ભારત સરકારે પાકિસ્તાન સામે અનેક મજબૂત રાજદ્વારી અને વહીવટી પગલાં લીધાં છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમિતિની બેઠકમાં, સરકારે ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને ત્યાં સુધી સ્થગિત કરવાનો નિર્ણય લીધો જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પારના આતંકવાદને રોકવા માટે વિશ્વસનીય પગલાં ન લે. ઇન્ટિગ્રેટેડ અટારી ચેક પોસ્ટ પણ બંધ કરી દેવામાં આવી છે.

વધુમાં, પાકિસ્તાની નાગરિકો માટે વિઝા સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી છે. પાકિસ્તાની હાઈ કમિશનના અધિકારીઓને પર્સોના નોન ગ્રેટા જાહેર કરવામાં આવ્યા છે અને એક અઠવાડિયાની અંદર ભારત છોડવાનું કહેવામાં આવ્યું છે. સરકારે સાર્ક વિઝા એક્ઝેમ્પ્શન સ્કીમ (જીઉજ) હેઠળ આપવામાં આવેલા વિઝા પણ રદ કર્યા છે, અને હાલમાં ભારતમાં રહેલા તમામ પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકની અંદર દેશ છોડી દેવાનો નિર્દેશ આપ્યો છે. આ વ્યાપક પગલાં આતંકવાદ સામે ભારતના મક્કમ પ્રતિભાવ અને રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણ માટેની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

# RBIએ ૫૭.૫ ટન સોનું ખરીદ્યું

## કુલ સોનાનો ભંડાર ૮૭૯.૬ ટન સુધી પહોંચ્યો : જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૮૨૨.૧ ટન હતો

નવીદિલ્હી, તા. ૨૫

નાણાકીય વર્ષ ૨૦૨૫ દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ૫૭.૫ ટન સોનું ખરીદ્યું, જેનાથી વૈશ્વિક નાણાકીય બજારોમાં અસ્થિરતા વચ્ચે સોનાના ભાવમાં ત્રીજા ભાગથી વધુનો વધારો થયો હોવા છતાં, સુરક્ષિત સ્વર્ગ સંપત્તિના તેના હોલ્ડિંગનો વિસ્તાર થયો. આરબીઆઈ દ્વારા સોનાનું સંપાદન વિશ્વભરની કેન્દ્રીય બેંકોના સક્રિયપણે સોનાની ખરીદીના વલણને અનુરૂપ છે, જે કુદરતી ફુગાવાના બફર અને વિશ્વસનીય સંપત્તિ તરીકે કાર્ય કરે છે, ખાસ કરીને ડોલરના વધઘટના સમયગાળા દરમિયાન. ડિસેમ્બર ૨૦૧૭ માં તેના અનામતનું નિર્માણ શરૂ કર્યું ત્યારથી આ સંપાદન સેન્ટ્રલ બેંક દ્વારા કરવામાં આવેલી બીજી સૌથી મોટી વાર્ષિક સોનાની ખરીદીનું પ્રતિનિધિત્વ કરે છે.

ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ, યુએસ ડોલરમાં વધઘટ અને યુએસ સરકારી બોન્ડ્સ અંગેની ચિંતાઓ સહિતના અનેક પરિબળોએ વિશ્વભરની ઘણી કેન્દ્રીય બેંકોને જોખમ ઘટાડવા માટે તેમના સોનાના હોલ્ડિંગમાં વધારો કરવા પ્રેર્યા છે. સેન્ટ્રલ બેંકના તાજેતરના ડેટા અનુસાર, માર્ચ ૨૦૨૫ સુધીમાં RBI પાસે કુલ સોનાનો ભંડાર ૮૭૯.૬ ટન સુધી પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૮૨૨.૧ ટન હતો. RBI એ ૨૦૨૧-૨૨ માં ૬૬ ટન સોનાનું સૌથી મોટું સંપાદન કર્યું, ત્યારબાદ FY23 અને FY24 માં અનુક્રમે ૩૫ ટન અને ૨૭ ટન સોનાનું સંપાદન કર્યું.

નોંધનીય છે કે નવેમ્બર ૨૦૨૪ માં ડોનાલ્ડ ટ્રમ્પના યુએસ પ્રમુખ તરીકે ચૂંટાયા પછી, ડોલરમાં નોંધપાત્ર વધઘટ થઈ છે, જેના કારણે સોનાનું આકર્ષણ વધ્યું છે. નિષ્ણાતો યુએસ ટ્રેઝરીની ઘટતી જતી આકર્ષણને કારણે સેન્ટ્રલ બેંકોનું સોના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કારણ આપે છે. ‘‘તમામ વૈશ્વિક કેન્દ્રીય બેંકો યુએસ ટ્રેઝરી પરની તેમની નિર્ભરતા ઘટાડી રહી છે અને તેમના સોનાના ભંડારમાં વધારો કરી રહી છે,‘‘ નુવમા ખાતે કરન્સી અને કોમોડિટીના વડા સજલ ગુપ્તાએ જણાવ્યું હતું. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના તાજેતરના ટ્રેન્ડ્સ ટુ ૨૦૨૪ રિપોર્ટમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે કેન્દ્રીય બેંકો વૈશ્વિક સોનાની માંગના મહત્વપૂર્ણ ચાલક તરીકે રહે છે, તેમની સંપાદન વ્યૂહરચનાઓ આર્થિક પરિસ્થિતિઓ અને ભૂ-રાજકીય વિકાસ બંનેને પ્રતિબિંબિત કરે છે. ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાનો હિસ્સો ૧૧ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં વધીને ૧૧.૮% થયો છે, જે ગયા વર્ષે ૮.૭% હતો. આ સમયગાળા દરમિયાન સોનાના ભાવમાં 30% થી વધુનો વધારો થયો હોવાથી, કેન્દ્રીય બેંકને તેના હાલના સોનાના ભંડારના મૂલ્યમાં વધારાનો ફાયદો થયો છે. ભારતીય રિઝર્વ બેંક સોનાના ભંડાર ધરાવતી ટોચની દસ વૈશ્વિક કેન્દ્રીય બેંકોમાંની એક છે.

તુર્કી, સ્વિટ્ઝર્લેન્ડ અથવા ચીનમાં તેના સમકક્ષોથી વિપરીત, રાજકીય સંવેદનશીલતાને કારણે ભાગ્યે જ તેના સોનાના ભંડારનો નિકાલ કરે છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ ગોદાવરી (ભાગ ૭)

### ગોદાવરી બ્રહ્મગિરી માંથી પ્રગટ થયા છે, માટે એને ‘‘મેકલ સૂતાં’’ પણ કહેવામાં આવે છે.



માનસ ગોદાવરીની સાતમા દિવસની કથામાં પ્રવેશ કરતાં બાપુએ કહ્યું કે રામકથાનો કેન્દ્રસ્થ વિષય જ ગોદાવરી છે, ગંગાને આપણે ભગીરથ નંદીની કહીએ છીએ, યમુનાજીને આપણે રવિતનયા કહીએ છીએ, એવી જ રીતે ગોદાવરી મેકલ સુતા છે, ગોદાવરી એક અર્થમાં બ્રહ્મ કન્યા છે, કેમકે બ્રહ્મગિરિમાંથી પ્રગટ થઈ છે, અને ગૌતમ ઋષિ દ્વારા પ્રાપ્ત થઈ હોવાથી ગૌતમી છે. કથાના સાત્વિક અર્થને કંઈ રીતે મુલવણી કરવા માટે વિષયને પાંચ દ્રષ્ટિકોણથી તેનું નિરૂપણ થવું જોઈએ. ગોદાવરીનું પાંચ દ્રષ્ટિકોણથી નિરૂપણ કરીએ તો, પ્રથમ દ્રષ્ટિકોણ તો ઐતિહાસિક દ્રષ્ટિએ એટલે કે કયા યુગમાં પ્રગટ થઈ?. બીજો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, એટલે કે ગોદાવરીના પાણીમાં કયા કયા ખનીજ મળે છે વગેરે. ત્રીજો દ્રષ્ટિકોણ છે વ્યવહારનો, એટલે કે નદીમાં જળ છે, ડેમમાં પાણીનો સંચય થાય છે, વગેરે વાતો વ્યવહારનાં દ્રષ્ટિકોણની છે, અને ચોથો દ્રષ્ટિકોણ છે ભાવનાત્મક દ્રષ્ટિકોણ. એટલે કે ગોદાવરીના તટે કુંભમેળાનું આયોજન થાય છે, અને એમાં સ્નાન કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે.

માનસ ગોદાવરીનાં તત્વરૂપ રૂપે આ તટ પર શાંતિ મળશે, એની ઉગ્રતા મટી જશે, સંતાપ ખતમ થઈ જશે, અને ગોદાવરીનું બીજું તાત્વિક સ્વરૂપ છે, કે અહીં આવ્યા પછી સભ્ય થઈ જાય છે, ગોદાવરીનું ત્રીજુ તાત્વિક દર્શન એ છે, સ્વયં પરમાત્માના મુખે સત્સંગ સાંભળવા મળે છે, જેમ કે રામ ગીતા. લગભગ ૪૦ વર્ષ પહેલાં પંચવટીમાં વિચરણ કરતાં એક સંન્યાસી શંભુગીરી મહારાજને પ્રશ્ન કર્યો કે નાસિક ક્ષેત્રમાં એવું શું છે? તેમણે જવાબ આપ્યો બાપુ ગોદાવરીના તટ પર મધ્યરાત્રી પછી, રામ મને રામગીતા સંભળાવી રહ્યા છે, એવું લાગે છે. ચોથા તત્વ રૂપે ગોદાવરીના તટે ભયમુક્ત દશા પ્રાપ્ત થાય છે, અને સ્વયં ઈશ્વર સાથે જોડાણ થાય છે. ગોદાવરી મુખર છે, આપણા કાનથી એ શ્રવણ શક્ય નથી, તો એમાં ગોદાવરી શું કરે? શૂર્પણખા વાળો પ્રસંગ પણ સંક્ષિપ્તમાં આપણે જોયો, અને એ પ્રસંગનું તાત્વિક દર્શન એ છે કે સ્વર્ગની કામના છોડી દો, અહીં કામનાઓ ખત્મ થઈ જાય છે,એટલે કે જગતગુરુ શંકરાચાર્ય કહે છે જેણે તત્વને જાણ્યું નથી, તેને માટે શાસ્ત્ર બેકાર છે. શૂર્પણખાનાં નાક કાન કપાયાં એટલે કે આ ભૂમિ આપણને સ્વર્ગની કામનાથી મુક્ત કરી દે છે, અને આ ભૂમિ આપણને તત્વની ઓળખ કરાવી દે છે, તત્વ સાથે આપણું જોડાણ કરાવી દે છે.

ખર દૂષણ સાથેના યુદ્ધમાં કે ૧૪૦૦૦ રાક્ષસોને નિર્વાણ આપ્યું. એટલે ગોદાવરીના પ્રવાહનું તત્વ છે નિર્વાણ! અહીં વસવાટ કરનારાઓ માટે નિર્વાણ દુર્લભ નથી. બીજી નદીઓની તુલનામાં ગોદાવરીમાં વિનાશકારી પુર વગેરે આવ્યા નથી. ગોદાવરીના તટ પર મારીચને લઈને રાવણ આવે છે, અને રામ લલિત નરલીલાની શરૂઆત થાય છે. જાનકીજી અગ્નિમાં કે ગોદાવરીમાં સમાઈ ગયાં, અને મારીચ વધ પછી રાવણ જાનકીનું અપહરણ કરે છે. ગોદાવરી સુમતિની દાતા છે, શૂર્પણખા અહીં આવી ત્યારે તેનો ઈરાદો જુદો હતો, અને અહીંથી ગયા પછી રાવણના દરબારમાં નીતિશાસ્ત્ર બોલવા લાગી, એટલે કે ગોદાવરીએ તેને સુમતિનું દાન કર્યું.

મારીચ માટે પરમાત્મા પ્રિયતમ છે, અને મારીચ પોતાના પ્રિયતમના દર્શન કરવા આવે છે, ગોદાવરીનો તટ પ્રેમીને પ્રિયતમની પ્રાપ્તિ કરાવે છે. મારિચનો પ્રેમ અદભુત છે. રાવણે જ્યારે મારીચને કહ્યુ ચાલ મારે એ સ્ત્રીનું અપહરણ કરવું છે! ત્યારે મારીચ રાવણને સમજાવે છે કે મને ફણા વિનાનું બાણ મારીને સત જોજન દૂર ફેંકી દીધો હતો, એમની સાથે વિરોધ કરવો એ યોગ્ય નથી. આમ કહી મારીચ રાવણને કહે છે, કે આઠ વ્યક્તિનો વિરોધ ન કરવો જોઈએ, એક શાસ્ત્રી, મર્મી, પ્રભુ એટલે સમર્થ, શઠ, ધની, વૈદ એટલે કે ડોક્ટર સાથે વિરોધ નહીં, બંદીજન એટલે કવિ, સર્જક સાથે વિરોધ ન કરવો, ભાનસ એટલે કે રસોઈ બનાવનાર સાથે વિરોધ ન કરવો, પરંતુ તે છતાં રાવણ માન્યો નહીં, અને તેણે મારીચને પોતાની સાથે આવવા કહ્યું. મારીચ જાણતો હતો કે જો નહીં જાઉં તો અહીં મૃત્યુ છે, અને જઈશ તો ત્યાં પણ મૃત્યુ છે, તો પ્રભુના હાથે મૃત્યુ તેણે સ્વીકાર્યું.

નવરાત્રીના ગરબા એ મા દુર્ગાની સામૂહિક પ્રાર્થના છે.નરસિંહને પણ યાદ કર્યા સકલો લોકમાં સૌને વંદે નિંદાન કરે કેની રે! આજકાલ સામૂહિક દ્વેષ વધી રહ્યો છે, પણ સામૂહિક ભજન થવું જોઈએ! સામૂહિક સાધનાનો પ્રકલ્પ અદભુત છે.

કથાના ક્રમમાં આગળ વધતાં જણાવ્યું કે જેમના શ્વાસ અને ઉચ્છવાસની પ્રક્રિયા જ વેદ છે, એવા ભગવાન કોઈ પાસે ભણવા જાય એ લીલા અપરંપાર છે. આપણે રામને માનવ સમજીએ, પરંતુ એમનું બ્રહ્મત્વ ભુલવું નહીં. ભગવાને જગતને બતાવ્યું કે ભણવું તો જોઈએ, ભણ્યા પછી રામ એનું પાલન પણ કરે છે, એટલે કે પ્રાતઃકાળ વડીલોને વંદન કરે છે, અને કહે છે, બળ, બુદ્ધિ, કિર્તી, આયુ માટે આ જરૂરી છે.

ભગવાન રામ સરજૂ તટ પર દડાથી રમે છે, તો ક્યારેક વનવિહાર કરવા જાય છે, અને ત્યાં મૃગનું રૂપ લઈને આવતા અસુરોને નિર્વાણ આપે છે. વિશ્વામિત્ર વિચારે છે કે, હું મારી સાધનાના બળે, આ અસૂરોને બાળી શકું પણ એનો અર્થ મારી સાધનાનું પરિણામ ક્રોધ છે, સાધનાનું પરિણામ તો શાંતિ હોવું જોઈએ. આવું વિચારી વિશ્વામિત્ર અયોધ્યા આવે છે, અને રામના દર્શન માત્રથી સ્તંભિત થઈ જાય છે. રાજા દશરથે એમની પૂજા કરીને ભોજન કરાવ્યું. મનુ શતરુપાની વાત કરતા કહ્યું કે બંને જણાએ કેટલા ઉપવાસ કર્યા કે શરીર ક્ષીણ થઈ ગયું. અહીં તુલસી મત રાખે છે કે ઉપવાસ કરવાથી ભગવાનની પ્રાપ્તિ થાય, પરંતુ એ આદર્શ ન બનવો જોઈએ, એટલે વિશ્વામિત્રને ભોજન કરવાથી રામના દર્શન થયા એ વાત પણ મૂકી. ચિત્તની શાંતિ અને ચૈતિક પ્રસન્નતા નષ્ટ થઈ જાય એવા વ્રત કે તપ કરવા નહીં. રાજન હું તારી સંપત્તિ નહીં પણ સંતતિ માંગવા આવ્યો છું, આમ કહી બંને કુમારોની માંગણી કરે છે. માતા-પિતાના આશીર્વાદ લઇને રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે જંગલમાં આવે છે, વિશ્વામિત્રને મહાનિધિ પ્રાપ્ત થયાનો અનુભવ થાય છે. અરણ્યમાં તાડકા આવે છે, પ્રભુ એક જ બાણથી તાડકાને નિર્વાણ આપે છે. બીજે દિવસે યજ્ઞની તૈયારી સંપન્ન થયાં પછી સુબાહુ આવે છે, પ્રભુ એને પણ બાળીને ભસ્મ કરી દે છે. મારીચ આવે છે, પરંતુ મારીચને બાળતા નથી, કારણ કે આગળની નરલીલામાં મારીચ સહભાગી થવાનો છે, એટલે તેને ફણા વિનાના બાણથી રાવણ તરફ મોકલી દે છે. આમ બધા જ રાક્ષસોને મારીને પ્રભુ વિશ્વામિત્ર ઋષિનું અનુષ્ઠાન પૂર્ણ કરાવે છે. વિશ્વામિત્રજી કહે છે રાઘવ જનકપુરમાં એક બહુ મોટો યજ્ઞ થઇ રહ્યો છે, એને પણ પૂર્ણ કરાવી દો. પ્રભુ રસ્તામાં અહલ્યાનો ઉદ્ધાર કરે છે, અહલ્યાના પ્રસંગમાં દોષ કોનો હતો, ઈન્દ્રનો કે અહલ્યાનો? કે પછી બંને જવાબદાર છે? પરંતુ છતાં શ્રાપ તો અહાલ્યાને જ મળ્યો, જેમને કોઈ નથી બોલાવતું એમને રામ બોલાવે છે. પ્રભુ અહલ્યાને શ્રાપ મુક્ત કરે છે, એનો મતલબ એમ છે કે સ્ત્રીની સમાજમાં પુનઃ પ્રતિષ્ઠા થવી જોઈએ! ભગવાને ક્ષણવારનો પણ વિલંબ કર્યો નથી, એટલે કે માણસની નબળાઈનો સ્વીકાર કરો. પરફેક્ટ માનીને શોધશો તો અહીં કોઈ નહીં મળે, મર્યાદા પુરુષોત્તમ રઘુવંશીરામ માત્ર એક છે, એમના પગનો સ્પર્શ કરવો કે એક ચરણ રજ અહલ્યા પર પડી અને અહલ્યા પુનર્જીવિત થયા.

અહલ્યા બુઝાઈ ગયેલી મીણબત્તી હતી, અને રામરૂપી સળગતી મીણબત્તી એની પાસે પહોંચતા જ એ પણ ફરીથી પ્રજવલિત થઈ. અહલ્યા પુનઃ જાગૃત થઈ, પથ્થર પીગળી ગયો, આંખેથી અશ્રુધારા વહી, અને અહલ્યા પતિ લોક ગઈ. પતિત પાવનનું બિરૂદ સાર્થક કરી રાઘવ આગળ વધ્યાં. ગંગાનાં તટ પર વિશ્વામિત્રે ગંગા અવતરણની દિવ્યકથા સંભળાવી, પ્રભુએ ગંગા સ્નાન કર્યું, તીર્થના દેવતાઓને દાન કરી પ્રભુ જનકપુર પધાર્યા. જનકને કહ્યું આ પરમ તત્વ છે. આમ કહીએ સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

સંકલન ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

અગાઉ ધક્કા મુક્કી કરી કે ઉલ્ટી ઉબકાના નાટક કરી ચોરીઓ કરવામાં આવતી હતીઃ ચેતજો નવા નુસ્ખાથી

# રિક્ષાગેંગનો નવો તુક્કોઃ ઘેની પીણું પીવડાવી લાખોના દાગીનાની ચોરી

## વૃધ્ધા જે રિક્ષામાં બેઠા તેમાં ચાલક સાથે અગાઉથી બે મહિલા પણ બેઠી હતીઃ શેરડીનો રસ, સોડા પીવડાવી બેભાન કરી સાડા પાંચ લાખના દાગીના ચોરી અંતરીયાળ ઉતારી મુક્યા





રાજકોટઃ ગઠીયા, ચોર લેભાગુઓ ગમે ત્યારે ગમે તે રીતે પોતાના ખિસ્સા ગરમ કરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં રિક્ષાગેંગે વૃધ્ધાને નશીલા પદાર્થવાળો શેરડીનો રસ અને સોડા પીવડાવી બેભાન કરી સાડા પાંચ લાખના દાગીના તફડાવી લીધા છે. મુસાફરોને રિક્ષામાં બેસાડી નાણા, દાગીના, રોકડ સેરવી લેવાની ઘટનાઓમાં મોટે ભાટે ધક્કામુક્કી કરીને ચોરી કરવામાં આવતી હતી અથવા તો ઉલ્ટી ઉબકાનું નાટક ચુકવી મુસાફરની નજર ચુકવી હાથફેરા કરવામાં આવતાં હતાં. પરંતુ હવે નવો નુસ્ખો આ ગેંગે અજમાવ્યો છે. જેમાં મુસાફરને ઘેની પીણા પીવડાવી બેભાન કરી લૂંટવામાં આવી રહ્યા છે. અજાણી રિક્ષામાં બેસતાં પહેલા તપાસ કરવી ખુબ જરૂરી છે.

ઘટના પર નજર કરીએ તો આ બનાવ માણસામાં બન્યો છે. માણસા રાજકોટઃ પ્રેમ, ઈશ્ક, લવની આગ એવી હોય છે જે એક વખત સળગે પછી કાં તો પ્રેમીઓ આબાદ થઇ જાય છે અને કાં તો થઇ જાય છે બરબાદ. અનેક એવા કિસ્સા સામે આવતાં હોય છે જેમાં પ્રેમ કહાનીનો કરૂણ ક્રુર અંત આવતો હોય છે. આવી વધુ એક ચોંકાનારી ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે. જેમાં ગામના જ યુવાન કાના સાથે પ્રેમમાં પડેલી ઈશિકા નામની યુવતિની પ્રેમકહાનીનો તેની હત્યા સાથે અંત આવ્યો છે. ઈશિકાની હત્યા બીજા કોઈએ નહિ પણ ખુદ તેના જ પિતાએ કરી નાંખી છે. બાપ પોતાને મારી નાંખશે તેવો આ દિકરીને ભય હોઇ અભયમ ટીમની મદદ માંગી હતી. આ ટીમ તુરત જ ત્યાં મદદ માટે પહોંચી હતી. પણ એ પહેલા બાપે ગળુ દાબી દિકરીનું કામ તમામ કરી નાંખ્યું હતું. હત્યારા પિતાની પોલીસે અટકાયત કરી છે.

ઓનર કિલીંગની આ ઘટનાથી સમગ્ર અમરેલી જીલ્લામાં અને સૌરાષ્ટ્રભરમાં ચકચાર મચી ગઈ છે. અમરેલી જિલ્લામાં ખાંભાના ડેડાણ ગામમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. જયાં પિતાએ બાવીસ વર્ષીય પુત્રીની હત્યા કરી દીધી હતી. દિકરીના પ્રેમસંબંધને કારણે પરિવારજનો અને પિતા નારાજ હતા. દરમિયાન આ દિકરી પણ જીદે ચડી હતી કે પરણશે તો ગામમાં જ રહેતાં પોતાના પ્રેમી એવા હિન્દુ યુવાન કાનાને, અન્યથા કોઈને નહિ પરણે. તેની આ જીદ  પરંતુ અન્ય ધર્મના હોવાથી પિતા રાજી ન હતા. કારણ કે તેણીના પ્રેમીનો ધર્મ અલગ હતો. તે એકની બે થઇ નહોતી. તેને ભય પણ હતો કે હવે તે જીવતી નહિ રહે. આથી તેણે હિમ્મત કરી ૧૮૧ અભયમની મદદ માગી હતી. આ સાથે જ અભયમની ટીમ પહોંચી પણ હતી. પરંતુ ત્યારે મોડુ થઇ ગયું હતું. સમાજમાં ઈજ્જત બચાવવા પિતાએ વ્હાલસોયી દિકરીની ગળુ દબાવી હત્યા કરી હતી.

હત્યા કર્યા બાદ પિતાએ દિકરીની લાશને એવી રીતે ગોઠવી દીધી હતી જાણે તે ઉંઘી રહી હોય તેમ લાગે. ટીમ પહોંચી પણ દિકરી ન ઉઠી એટલે પોલીસના વધારાના સ્ટાફને બોલાવવામાં આવતાં તપાસ થતાં હત્યાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસ ખુદ આ બનાવમાં ફરિયાદી બની હતી અને આરોપી પિતાને સાણસામાં લેવા તજવીજ કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ ખાંભાના ડેડાણ ગામમાં ઓનરકિલિંગની ઘટના સામે આવી છે. અહીં ઈશિકાબેન ખોખર નામની બાવીસ વર્ષીય યુવતીને ગામના કાના નામના વ્યક્તિ સાથે  પ્રેમસંબંધ હતો. બંનેના ધર્મ અલગ હતાં. આથી પરિવારજનો અન્ય જગ્યાએ યુવતીની સગાઈ કરી લગ્ન કરવા માંગતો હતો. પંરતુ યુવતી તેના કાના સાથે પ્રેમસંબંધ આગળ વધારવા માંગતી હતી. આ દરમિયાન દીકરીને પ્રેમસંબંધ હોવાથી કારણે સમાજમાં આબરૂ જવાની બીકે યુવતીનો સગો બાપ એવો મજીદભાઇ ગુલાબભાઇ ખોખરે રાત્રિના સમયે ગળું દબાવી હત્યા કરી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઇ હતી.

ઘટનાને લઈ ખાંભા પોલીસ એએસપી જયવીર ગઢવી સહિત પોલીસ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી ખાંભા પોલીસ ફરિયાદી બની આરોપી પિતા સામે હત્યાનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ.રવિરાજ સિંહ ચૌહાણ જાતે જ ફરીયાદી બન્યા હતા. જેમાં ફરિયાદ નોંધાઈ તે પ્રમાણે વહેલી સવારે મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમની ટીમ ડેડાણ ગામમાં મજીદભાઈના ઘરે પહોંચી હતી. જેમાં યુવતી ઈશિકાબેને મદદ માટે બોલાવેલા હોવાથી ટીમ અહીં યુવતી કંઈ બોલી નહીં શકતા હોય. આ ગંભીરતા દાખવી ખાંભા પોલીસને બોલાવવામાં આવી હતી. હત્યા પહેલા ઈશિકાબેનએ ૧૮૧ની અભયમ ટીમ પાસે મદદ માંગી હતી. અન્ય વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હોય અને પિતા પરિવાર જબરદસ્તીથી અન્ય સાથે લગ્ન કરાવવા માંગતા હતાં.

યુવતીને કાના સાથે લગ્ન કરવા હતા. પરંતુ કાનો હિન્દુ સમાજનો હોવાને કારણે પિતા, પરિવાર ના પાડતા હતા. યુવતીને કાના સાથે પ્રેમસંબંધ હોવાથી લગ્ન કરવા ઈચ્છતી હતી. રાત્રિના સમયે હત્યા પહેલા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનને જાણ કરી મદદ માંગવામાં આવી હતી. પરંતુ, અહીં પહોંચી પરિવારજનોને પૂછતાં કહ્યું સૂતી છે. બોલાવતા, બોલતી નહીં હોવાને કારણે પોલીસને બોલાવતા ફાંડો ફૂટ્યો હતો. દિકરીનુંગળું દબાવી પિતાએ હત્યા કરી સુવડાવી દીધી હતી. પોલીસે ડાણપૂર્વક તપાસનો ધમધમાટ શરૂ કરતા પિતા આરોપી ભાંગી પડ્યો હતો અને હત્યા કર્યાની કબૂલાત આપી હતી. હાલ ખાંભા પોલીસ દ્વારા હત્યાનો ગુન્હો નોંધી આરોપી પિતાની ધરપકડ કરવા માટેની કવાયત હાથ ધરી હતી.

શ્રીનગરમાં ફસાયેલો રાજકોટનો પરિવાર પહોંચ્યો ઘર

# જિલ્લા તંત્રએ રાજકોટના પરિવારને જમ્મુથી હેમખેમ ઘેર પહોંચાડ્યા

## આપત્કાલીન સમયમાં રાજ્ય સરકાર પીડિત પરિવારોની વ્હારે રહી તમામ જરૂરી સહુલતો પુરી પાડી

રાજકોટ, તા.૨૫

કાશ્મીરમાં લેન્ડ સ્લાઈડિંગ પછી પહલગાંવમાં થયેલા આતંકી હુમલા વખતે રાજકોટનો એક પરિવાર શ્રીનગરમાં ફસાયો હતો. તમામ રોડ-રસ્તા બંધ હતા અને ફલાઈટ્સ ફુલ જતી હતી. આ વખતે ગુજરાત સરકાર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમની વહારે આવ્યું હતું અને ફલાઈટ તેમજ ટેક્સીની વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપી હતી જેના કારણે આ પરિવાર સલામત રીતે પોતાના ઘરે પહોંચ્યો છે.

રાજકોટમાં માધાપર ચોકડી નજીક ૨-શ્રીરામ પાર્કમાં રહેતા ૩૮ વર્ષીય નિરવ રમેશભાઈ આચાર્ય પત્ની કિરણ તથા પુત્ર જ્ઞાનેશ તથા તીર્થ સાથે કાશ્મીરના પ્રવાસે ગયા હતા. નિરવ આચાર્યના જણાવ્યા પ્રમાણે, તેઓ ૧૮મી એપ્રિલે શ્રીનગર પહોંચ્યા હતા અને ૧૯મી તારીખે બ્રિજ તૂટ્યો હતો. આ સમયે તેઓ કટરા, વૈષ્ણોદેવીમાં હતા. એ પછી તેઓ નજીકના સ્થળોએ ફરીને ૨૨મીએ ગુલમર્ગ થઈને સાંજે શ્રીનગર પહોંચ્યા હતા. ૨૩મીએ તેઓ પહલગાંવ જવાના હતા. પરંતુ ૨૨મીએ સાંજે તેમને પહલગાંવમાં આતંકવાદી હુમલો થયાના સમાચાર મળ્યા હતા.

તેમના જણાવ્યા પ્રમાણે, આ સમાચાર સાંભળીને તેઓ ખૂબ દુઃખી થયા હતા. પરિવાર સાથે હોવાથી ચિંતા હતી પણ શ્રીનગરમાં હોટેલમાં તેઓ સલામત છે એવું આશ્વાસન સ્થાનિકો તરફથી મળ્યું હતું. આ પછી આગળનો પ્રવાસ ટુંકાવીને રાજકોટ પરત ફરવાનું નક્કી કર્યું. લેન્ડ સ્લાઈડિંગથી નેશનલ હાઈવે નંબર ૪૪ સહિતના રોડ બંધ હતા. ફલાઈટસ પણ લિમિટેડ હતી અને ફુલ જતી હતી. ભાડા પણ અતિશય ઊંચા હતા. આથી તેઓ મુંઝાયા હતા.



દરમિયાન તેમને સોશિયલ મીડિયા પરથી ગુજરાત સરકાર તથા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર કાશ્મીરમાં ફલાયેલા પરિવારોની મદદ માટે સક્રિય હોવાની માહિતી મળી હતી. આથી તેમણે ૨૩મી એપ્રિલે ગુજરાત ટૂરિઝમની ઓફિસમાં ફોન કર્યો. જ્યાંથી તેમને રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીનો નંબર મળ્યો હતો. એ પછી તેમણે કલેક્ટર સાથે વાત કરી ત્યારે કલેક્ટર પ્રભવ જોશી તરફથી તેમને પૂરી મદદ અને વ્યવસ્થાની હૈયાધારણા મળી હતી. દરમિયાન સોશિયલ મીડિયા પરથી તેમને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની કચેરીનો નંબર મળતાં, ત્યાં સંપર્ક કર્યો. આ સમયે પણ ફોન પર પૂરી હિંમત આપી વ્યવસ્થાની ખાતરી અપાઈ હતી.નિરવ આચાર્યના જણાવ્યા પ્રમાણે, એ પછી રાજકોટ કલેક્ટર કચેરીમાંથી ફોન આવ્યો હતો અને અમારી બધી વિગતો નોંધી લેવાઈ હતી. આ દરમિયાન આસિસ્ટન્ટ ડિસ્ટ્રીક્ટ કલેક્ટર, સ્ટેટ રિલીફ ફંડ તેમજ ગાંધીનગરથી ડિવાયએસપી ચુડાસમા તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓના ફોન આવ્યા હતા અને અમને હિંમત સાથે વ્યવસ્થાની હૈયાધારણા આપી હતી.

એ પછી ૨૪મી એપ્રિલે બપોરે સ્ટેટ રિલિફ ફંડમાંથી ફોન આવ્યો હતો અને અમારા આધારકાર્ડ સહિતની વિગતો લઈને પરત જવાની વ્યવસ્થા ગોઠવાતી હોવાની ખાતરી અપાઈ હતી. એ પછી સાંજે ચાર વાગ્યે કોલ આવ્યો અને રાતે સવા આઠ વાગ્યાની ફલાઈટમાં જવાની અમારી વ્યવસ્થા ગોઠવાઈ હોવાનું જણાવાયું હતું. આથી અમે સાંજે સાત કલાકે શ્રીનગર એરપોર્ટ પહોંચ્યા હતા. જ્યાંથી અમારા ચાર સહિત ભાવનગરના ચાર બહેનો તેમજ અમદાવાદના એક બહેન મળીને કુલ નવ બહેનોને ઈન્ડિગોની ફલાઈટના બોર્ડિંગ પાસ આપીને દિલ્હીની ફલાઈટમાં બેસાડાયા હતા. અમે ૨૪મીએ રાતે ૧૦.૩૦ કલાકે દિલ્હી પહોંચ્યા હતા. ત્યાંથી સવારે ૪.૪૫ કલાકની અમદાવાદની ફલાઈટની ટિકિટની વ્યવસ્થા ગુજરાત સરકારે કરી રાખી હતી. આ ફલાઈટમાં અમે સવારે ૬.૦૫ કલાકે અમદાવાદ પહોંચ્યા તો, ત્યાંથી રાજકોટ સુધીની ટેક્સીની વ્યવસ્થા જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની સૂચના મુજબ કરી રાખવામાં આવી હતી. આ દરમિયાન ગુજરાત સરકાર તેમજ જિલ્લા વહીવટી તંત્રના વિવિધ અધિકારીઓ સતત અમારી સાથે સંપર્કમાં હતા. એ પછી આ ટેક્સીમાં અમે બપોરે રાજકોટ પહોંચ્યા છીએ. નિરવ આચાર્યએ ઉમેર્યું હતું કે, પરત આવવા માટે ફલાઈટની ટિકિટથી લઈને ટેક્સી સુધીની તમામ વ્યવસ્થા સરકારી તંત્ર દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવી છે, અમારે એક રૂપિયો ખર્ચવો નથી પડ્યો.

સાયબર ગઠીયાઓ સાથે ચેતવા જાગૃત થવાના સરકાર-પોલીસના ઢોલનગારાને લોકો કદાચ સાંભળતા જ નથી

# IT એન્જિનીયર ઓનલાઇન કમાણી કરવા જતાં લાખો ગુમાવી બેઠો

## યુવતિના નામે એપ પર ચેટીંગ કરનાર ગઠીયાએ રોકાણ પર મોટા વળતરની લાલચ આપી એકત્રીસ લાખનો ચૂનો લગાવ્યોઃ બીજા કિસ્સામાં બોગસ કંપની બનાવી અસલી કંપની સાથે આડત્રીસ લાખની ઠગાઇ

રાજકોટઃ સાયબર ગઠીયાઓ રોજબરોજ કોઈને શિકાર બનાવી લાખો ઉસેડી લેતાં હોય છે. આવી ઘટનાઓ કોઈપણ કાળે અટકતી નથી. સાયબર ક્રાઇમ પોલીસ અને સરકાર લોકોને આવા ફ્રોડ સામે જાગૃત થવા ચેતવતા રહે છે પરંતુ આ વચ્ચે આવી ઘટનાઓ સતત વધતી રહે છે. આઇટી એન્જિનીયરને રોકાણ પર સારા વળતરની લાલચ આપી એકત્રીસ લાખનો ચુનો લગાવી દેવાયો હતો. ડેટીંગ એપ પર આ એન્જિનીયરનો યુવતિના નામે સંપર્ક કરી ચેટીંગ કરી બાદમાં તેને ફસાવી લેવાયો હતો. બીજી ઘટનામાં ઓનલાઇન ગઠીયઓએ બોગસ કંપની બનાવી એક કંપની સાથે આડત્રીસ લાખની છેતરપીં ડી કરી છે.પ્રથમ ઘટનાની વિગતો જોઈએ તો આ બનાવ રાજયના પાટનગરમાં બન્યો છે. ગાંધીનગર સહિત રાજયભરમાં હાલમાં સાયબર ક્રાઇમ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગરમાં રહેતા આઈટી એન્જિનિયરને ડેટિંગ એપ ઉપર યુવતીનું નામ ધારણ કરી ગઠિયાએ રોકાણની લાલચ આપીને તબક્કાવાર ૩૧ લાખ જેટલું રોકાણ કરાવડાવીને છેતરપિંડી આચરી હોવાની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી ઓનલાઈન છેતરપિંડીની ઘટનાઓ વધી રહી છે અને તેમાં સાયબર ગઠિયાઓ દ્વારા મહિલાઓ યુવાનો અને વૃદ્ધોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. શિક્ષિત વ્યકિતઓ પણ આ પ્રકારની છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેરના સેક્ટર ૩માં રહેતા અને આઈટી એન્જિનિયર તરીકે કામ કરતા યુવાન ધવલ ભરતભાઈ કુંતરને સાઈબર ગઠિયાઓ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા છે.



પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો પ્રમાણે દિલ મિલ નામની ડેટિંગ એપ ઉપર યુવાને એકાઉન્ટ ખોલાવ્યું હતું અને તે દરમિયાન શેરિંગ નામની યુવતીનું નામ ધારણ કરીને સાયબર ગઠિયાઓએ વાતચીત કરી રોકાણ કરવાની લાલચ આપીને પ્રથમ તબક્કે ૨.૪૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા અને ત્યારબાદ ટેલિગ્રામ ઉપર પણ વાત કરીને અન્ય રૂપિયા ટ્રાન્સફર કરાવી કુલ ૩૧ લાખ જેટલી રકમ ભરાવડાવી હતી. જોકે આ રકમ અને નફો પરત મેળવવા જતા તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને છેતરાયાનો અહેસાસ થયો હતો. જેથી આ સંદર્ભે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને સાયબર ગઠિયાઓને પકડવા માટે દોડધામ શરૂ કરવામાં આવી છે.બીજી ઘટનામાં ઓનલાઇન ઠગાઈ કરતી ટોળકીએ યુએસ બેઝ કંપની બનાવી જોબના નામે વડોદરાની રિક્રુટમેન્ટ કંપની સાથે આડત્રીસ લાખની છેતરપિંડી કરી હોવાનો બનાવ બન્યો છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં અલ-બરુજ ખાતે રહેતા અને વડોદરામાં આટલાદરા નારાયણ વાડી નજીક લેન્ડમાર્કમાં એસ્ટ્રિક્સ રિસોર્સિસ -પ્રા.લિ. રિક્રુટમેન્ટ કંપની ધરાવતા રઝિનખાન પઠાણે પોલીસને કહ્યું છે કે અમારી કંપની પર દીપ પટેલના નામે એક મેલ આવ્યો હતો. દીપે તેનો બાયોડેટા મોકલ્યો હતો અને પોતે ફલોરિડામાં રહેછે, ગ્રીન કાર્ડ હોલ્ડર છે અને કોમ્પ્યુટર એન્જિનિયર છે તેમ કહી જોબ માટે વાત કરી હતી. અમારી કંપની તરફથી પ્રોસીજર કરીને જુદી-જુદી કંપનીઓનો રેફરન્સ આપવામાં આવ્યો હતો. પરંતુ તેણે ઈન્ટરવ્યૂ આપ્યા ન હતા. દીપ પટેલે ફલોરિડાની આઇટીએસએસઆઇ પનીમાં ઈન્ટરવ્યૂ આપતા સિલેકટ થયો છે તેમ કહ્યું હતું અને ત્યારબાદ આ કંપનીના એન્ડોનિયા નામના મેનેજર અમારી કંપની સાથે વધુ વાતચીત કરી હતી.

દીપ પટેલની નોકરી કન્ફર્મ થતા તેને પોતાના બીજા મિત્ર તીર્થ પટેલના નામે પણ આવી જ રીતે ઉપરોક્ત કંપનીમાં જોબ નક્કી કરાવી હતી. રઝિનખાને કયું છે ફલોરિડાની કંપની તીર્થ પટેલને કલાકે પિસ્તાલીસ ડોલર અને દીપ પટેલ કલાકે ચાલીસ ડોલર આપવાનું નક્કી કર્યું હતું. જયારે અમારી સાથે પાંસઠ  ડોલર પ્રમાણે સેલેરી નક્કી કર્યો હતો. બંને જણા અમોને રોજે રોજ વર્કશીટ પણ મોકલતા હતા. ત્યારબાદ ઉપરોક્ત કંપનીએ અમને બંને કર્મચારીઓને સેલેરી ચૂકવવા કહ્યું હતું. જેથી અમે ૪૪,૯૭૦ ડોલર એટલે કે ભારતીય ચલણના ૩૮ લાખનું પેમેન્ટ કર્યું હતું. પરંતુ ત્યારબાદ કંપની અમને પેમેન્ટ આપ્યું ન હતું. જેથી તપાસ કરતા ઉપરોક્ત કંપની ઠગોએ જ ભી કરી હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી સાયબર સેલે ગુનો દાખલ કરી તપાસ આદરી છે.

### ખટારામોઢે દારૂ સૌરાષ્ટ્ર-રાજકોટમાં ઠાલવી દેવાના પ્રયાસો વચ્ચે સપ્લાયરને વધુ એક લપડાક

# LCB ઝોન-૨ ટીમે ઝડપી લીધો અડધા કરોડનો દારૂ

## એઈમ્સ હોસ્પિટલ ચોકમાંથી હરિયાણાના ડ્રાઈવરને ૭૫૬૦ બોટલોના જથ્થો ભરેલા ટ્રક સાથે પકડ્યોઃ ગોવાથી ભરેલો દારૂ જામનગર તરફ પહોંચાડવો હોવાનું કહ્યુંઃ વ્હોટ્સએપ કોલ કરનારા અને મોકલનારા સુધી પહોંચવા પોલીસની મથામણ

રાજકોટઃ બહારના રાજયોમાંથી સૌરાષ્ટ્રભરમાં તેમજ રાજકોટમાં ખટારામોઢે દારૂ ઘુસાડી દેવા માટે સપ્લાયરો ફરીથી સક્રિય થયા છે. જો કે સપ્લાયરોના આવા નુસ્ખાને પોલીસ નિષ્ફળ બનાવી રહી છે. છેલ્લા એક અઠવાડીયામાં જ રાજકોટ પોલીસની અલગ અલગ બ્રાંચો દ્વારા આ પ્રકારે લાખોનો વિદેશી દારૂ પ્યાસીઓ સુધી પહોંચે એ પહેલા પકડી લેવાયો છે. વધુ એક વખત અડધા કરોડનો દારૂ ઝડપી લેવામાં સફળતા મળી છે. એલસીબી ઝોન-૨ ટીમે ગોવાથી આવેલો આ દારૂનો ટ્રક ઝડપી લઇ હરિયાણાના ટ્રક ડ્રાઇવરને દબોચી પુછપરછ કરતાં આ દારૂ જામનગર સુધી પહોંચાડવાનો હોવાની પ્રાથમિક વાત કરી હતી. સાચી વિગતો ઓકાવવા વિશેષ તપાસ શરૂ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો હાલમાં બહારના રાજયોમાંથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં દારૂની રેલમછેલ કરવા પ્રયાસો શરૂ થયા છે અને તેના ભાગ રૂપે ટ્રક ભરી ભરીને રવાના કરવામાં આવી રહ્યા છે. જો કે સ્ટેટ મોનીટરીંગ સેલ અને જે તે શહેર ગામની સ્થાનિક પોલીસ, બ્રાંચો પણ વધુ સક્રિય થઇ આવો દારૂ મંગાવનારા સુધી પહોંચે એ પહેલા જ પકડી લેવામાં આવે છે. અલગ અલગ તરકીબોને પણ પોલીસ નિષ્ફળ બનાવી રહી છે. ટ્રકના ચોરખાનામાં, કલરના ડબ્બાઓમાં છુપાવીને મોકલાતો જથ્થો પણ પોલીસે પકડી લીધો હતો. દરમિયાન શહેરની એલસીબી ઝોન-૨ ટીમે મોરબી બાયપાસથી એઇમ્સ હોસ્પિટલ રોડ એઇમ્સ ચોકમાંથી અડધા કરોડ આસપાસનો વિદેશી દારૂ ભરેલા આઇશર ટ્રક સાથે હરિયાણાના શખ્સને ઝડપી લીધો છે. ગોવા તરફથી આ દારૂ ભરીને જામનગર તરફ લઇ જતો હોવાનું રટણ તેણે કર્યુ હતું. વ્હોટ્સએપ કોલ મારફત એક શખ્સ આ ટ્રકચાલકના સંપર્કમાં હતો તેને તથા ગોવાથી જથ્થો ભરી દેનારા મુખ્ય સપ્લાયર સુધી પહોંચવા પોલીસ તપાસ આગળ ધપાવી રહી છે.



વધુ માહિતી અનુસાર એલસીબી ઝોન-૨ની ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે મોરબી બાયપાસથી એઈમ્સ હોસ્પિટલવાળા રોડ પરથી એક દારૂ ભરેલો ટ્રક પસાર થઇને આગળ એઇમ્સ ચોકમાં ઉભો છે. આ બાતમી પરથી ટીમ ત્યાં પહોંચતા એનએલ૦૧ક્યુ-૭૪૦૫ નંબરનો ટ્રક મળી આવ્યો હતો. તેના ચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ સાજીદઅલી હાકમઅલી હોવાનું અને પોતાની ઉમર ત્રીસ વર્ષની તેમજ પોતે કોટલા ગામ, ઘર નં. ૧૦૨, નવી મસ્જીદ પાસે, તા.જી. નુહ, હરિયાણાનો વતની હોવાનું કહ્યુ હતું.

પોલીસે બંધ બોડીના ટ્રકની તલાસી લેતાં પાછળથી અલગ અલગ બ્રાન્ડની દારૂ-વોડકા-વ્હીસ્કીની પેટીઓનો જથ્થો મળી આવ્યો હતો. ટ્રકમાં પોલીસે તપાસ કરતાં અંદરથી ડેનીમ-30 ઓરેન્જ વોડકાની રૂ. ૭,૯૨,૦૦૦ની ૧૩૨૦ બોટલો, રોગયલ બ્લેક એપલ વોડકાની ૨૮,૦૮,૦૦૦ની ૪૬૮૦ બોટલો, ગ્રીન સ્ટેગ પ્રિમીયમ વ્હીસ્કીની ૯,૩૬,૦૦૦ની ૧૫૬૦ બોટલો મળી કુલ રૂ. ૪૫,૬૩,૦૦૦ની ૭૫૬૦ બોટલ દારૂનો જથ્થો મળી આવતાં તે તથા ૧૦ લાખનો ટ્રક, રોકડા રૂ. ૩૩૦૦, મોબાઇલ ફોન મળી રૂ. ૫૫,૪૪,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી સાજીદઅલીની ધરપકડ કરી વિશેષ પુછપરછ કરવા રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી હતી. સાજીદઅલીએ પ્રાથમિક પુછતાછમાં એવુ રટણ કર્યુ હતું કે મને ગોવાથી ટ્રક અપાયો હતો અને જામનગર તરફ લઈ જવાનો હતો. જેને આ ટ્રક આપવાનો હતો તેની સાથે વ્હોટસએપથી વાત થઇ રહી હતી.

પોલીસને વ્હોટ્સએપ કોલીંગના નંબર મળતાં તેના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ ગોવાથી આ દારૂ કોણે ભરી દીધો? ખરેખર ગોવાથી આવ્યો કે પછી બીજા કોઇ રાજયમાંથી? તેની પણ તપાસ થઇ રહી છે. રાજકોટ પોલીસ છેલ્લા એક અઠવાડીયાથી આ પ્રકારે દારૂના ક્વોલીટી કેસ કરવામાં સફળ થઇ રહી છે. જેમાં આ વધુ એક મોટી સફળતા છે. પોલીસ કમિશનર બ્રજેશકુમા ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અંતર્ગત એલસીબી ઝોન-૨ ટીમ અને ગાંધીગ્રામના સ્ટાફે આ કામગીરી કરી હતી. કામગીરી કરનારી ટીમમાં એએસઆઇ જે. વી. ગોહિલ, આર. એન. મિયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, શક્તિસિંહ ગોહિલ, રાહુલભાઇ ગોહેલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, કોન્સ. કુલદિપસિંહ રાણા, ગાંધીગ્રામના અમીનભાઇ ભલુર અને પ્રશાંતભાઇ ગજેરા સામેલ છે. ટીમને ઉચ્ચ અધિકારીએ અભિનંદન પાઠવ્યા હતાં.

### ફાળદંગ પાસે ક્રાઇમ બ્રાંચે દારૂ ભરેલી કાર સાથે સંજયને દબોચી લીધો

બીજી તરફ કુવાડવા નજીક ફાળદંગ ગામ પાસે ક્રાઇમ બ્રાંચની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન બાતમી મળતા રૂ. ૯૬ હજારના દારૂ ભરેલી કાર સાથે ચાલકને ઝડપી લીધો હતો. પેટ્રોલીંગ વખતે હેડકોન્સ રાજેશભાઇ જળુ, દિલીપભાઇ બોરીચા અને દિપકભાઇ ચૌહાણને બાતમી મળી હતી તેના આધારે બેડલાગામ તરફથી ફાળદંગ ગામ તરફ આવતી એકનંબર વગરની સ્વીફ્ટ કાર નીકળતા શંકા જતા ફાળદંગ ગામ પાસે કાર રોકતા કાર રોડ સાઇડમાં ઉભી રાખી ચાલક કારમાંથી ઉતરી ભાગવા જતા તેને પકડી લીધો હતો.

કારની તલાશી લેતા અંદર પુઠાની પેટીઓ ખોલીને જોતા તેમાંથી રૂ. ૯૬ હજારની કિંમતની વિદેશીદારૂની ૨૪૦ બોટલ મળી આવી હતી. બાદ પોલીસે ચાલકની પુછપરછ કરતા તેણે પોતાનું નામ સંજય ધીરૂભાઇ ગણવદીયા (ઉ.વ. ૩૨) (રહે. ચોટીલાનું સાલખડાગામ હાલ રાજકોટ માર્કેટીંગ યાર્ડ સંતકબીર રોડ પર આંબાવાડી સોસાયટી શેરી નં.૧) નામ આપ્યુ હતું. પોલીસે તેને પકડી લઇ દારૂની બોટલ તથા કાર મળી કુલ રૂ. ૪,૦૩૦૦ નો મુદ્દમાલ કબ્જે કર્યો હતો. આમ વધુ એક દરોડો ક્રાઇમ બ્રાંચે પાડ્યો હતો.

# પાકિસ્તાનથી આવેલા ૩૬ લોકોની રાજકોટ પોલીસે કરી યાદી તૈયાર

## શહેરમાં ૧૪ અને ગ્રામ્યમાં ૨૨ લોકોની નામ સરનામા સાથેનો ડેટા રેડી



રાજકોટ , તા. ૨૫

જમ્મુ કાશ્મીરમાં થયેલી દુર્ઘટના ના પ્રત્યાઘાતો સમગ્ર વિશ્વમાં પડ્યા છે તેમાં પણ જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા જે નિર્ણયો લેવામાં આવ્યા તેની અમલવારી તાકીદે કરવામાં આવી રહી છે કેન્દ્ર સરકાર દ્વારા લીધેલા નિર્ણયને ધ્યાને લઈ પાકિસ્તાનથી લોંગ કે શોર્ટ ટર્મ વિઝા પર આવેલા લોકોને ત્વરિત દેશ છોડવાનો હુકમ કરવામાં આવ્યો છે અને તે માટે સમગ્ર દેશ ભરની પોલીસ દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસવાળાને સૂચિત કરવામાં આવ્યા છે કે લોંગ કે શોર્ટ ટર્મ વિઝા ઉપર આવેલા લોકોની નામ સરનામા સાથેની યાદી તૈયાર રાખવામાં આવે જે બાદ શહેર અને જિલ્લા પોલીસ એક્શન મોડમાં આવી ગયું છે. રાજકોટની જો વાત કરવામાં આવે તો શહેરમાં લોંગ ટર્મ વિઝા પર રહેતા મુસ્લિમ સમાજના ૧૪ લોકો અને ગ્રામ્યમાં ૨૨ લોકો સામે આવ્યા છે જેમની નામ સરનામા સાથેની યાદી તૈયાર કરી લેવામાં આવી છે એટલું જ નહીં પાકિસ્તાની વિઝા પર શહેરમાં ૭૩૮ લોકો રહેતા હોવાનું પણ માલુમ પડ્યું છે. ત્યારે આવનારા દિવસોમાં આ અંગે જે સૂચનાઓ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી મળશે તે મુજબ એક્શન લેવામાં આવશે તેવું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

હાલ સમગ્ર દેશમાં આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે જેના ઘણા પ્રત્યાઘાતો સામે આવ્યા છે. ત્યારે આગામી દિવસોમાં આ અંગે પણ નકર કામગીરી કરવામાં આવશે.


### ગમે ત્યારે ધડકતા બંધ થઇ જતાં દિલને કારણે વધુ ચાર જીવ ખતમ

# ઓગણીસ વર્ષના યુવાન, બે મહિલા, પ્રૌઢના હૃદય ઓચિંતા થંભ્યા

## ગોંડલ રોડ, મોરબી રોડ, શાપર, ધ્રોલના રહેવાસીઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાઃ પણ જીવ બચી ન શક્યાઃ પાંચમા બનાવમાં ખોડલધામ સોસાયટીના આધેડનું બેભાન હાલતમાં થયું મૃત્યુ

રાજકોટઃ યુવાનથી માંડી મોટી ઉમરના એમ ગમે તેના દિલ ગમે ત્યારે દગો દઈ રહ્યા છે. રોજબરોજ હૃદય બંધ પડી જવાની ઘટનાઓમાં વધુ ચાર બનાવ ઉમેરાઇ ગયા છે. ગઇકાલે પણ ચાર લોકોના દિલની ધડકનો બંધ પડી જવાથી મૃત્યુ થયા બાદ સતત બીજા દિવસે વધુ ચાર લોકોના ભોગ હૃદય રોગના હુમલાને કારણે લેવાઈ ગયા છે. જેમાં એક ઓગણીસ વર્ષનો યુવાન, બે મહિલા અને એક પ્રૌઢનો સમાવેશ થાય છે. યુવાન કારખાને કામ કરતો હતો ત્યારે અને બાકીના ત્રણ ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવા સાથે હાલત બગડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ચારેયને ડોક્ટરે મૃત જાહેર કરતાં જે તે પોલીસ સ્ટેશનના ઈન્વેસ્ટીગેશન સ્ટાફ દ્વારા જરૂરી કાર્યવાહી કરી મૃતદેહોના પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરના ગોંડલ રોડ ચોકડી પાસે જય ગણેશ ફોર્ડ શો રૂમ પાસે ફ્લેક્સ ઝોન નજીક રહેતો ઓગણીસ વર્ષનો યુવાન અતુલ કેશવભાઇ આદી કારખાનામાં કામ કરતો હતો ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે આજીડેમ પોલીસને જાણ થતાં હેડકોન્સ. એચ. કે. ડાંગરે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર યુવાન મુળ યુપીનો વતની હતો અને બે ભાઇ, બે બહેનમાં વચેટ હતો. એકાદ વર્ષથી તે રાજકોટમાં કામ કરતો હતો. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. બીજી ઘટનામાં મોરબી રોડ ગણેશ પાર્કમાં પૂનમ હોલ પાછળ રહેતાં ચુમાલીસ વર્ષના ભાવનાબેન દિનેશભાઈ ચડોતરા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ નિપજતાંપરિવારમાં શોક વ્યાપી ગયો હતો. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ભાવનાબેનને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. પતિ ઈમિટેશનનું કામ કરે છે.



### છઠ્ઠા બનાવમાં ૧ વર્ષની ટબુકડી ગરમ પાણીમાં પડી જતાં જીવ ગયોઃ અરેરાટી

હૃદય રોગના હુમલાથી શ્વાસ થંભી જવાની ત્રીજી ઘટના શાપર વેરાવળમાં બની હતી. અહિ આનંદ લાઇનર ગેઇટમાં આવેલા ઉર્જા ઇન્ડસ્ટ્રી પાસે રહેતાં મુળ યુપીના ચોપન વર્ષના મલખાન કાશીપ્રસાદ પ્રજાપતિને છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. મલખાન તેના પરિવાર, ત્રણ દિકરા સાથે અહિ રહેતાં હતાં. પોતે હાલ નિવૃત થઇ ગયા હતાં અને દિકરા ફેક્ટરીમાં કામ કરે છે. શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે ચોથા બનાવમાં ધ્રોલના ખાખરા ગામે રહેતાં છેતાલીસ વર્ષના કુંતાબા શાંતુભા જાડેજા નામના મહિલા ઘરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમામં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રોલ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરાઇ હતી. કુંતાબાને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ ખેતી કરે છે. હાર્ટએટેકથી મૃત્યુ થયાનું જણાવાયું હતું.

પાંચમા અપમૃત્યુના બનાવમાં કોઠારીયા રોડ સાઇબાબા સર્કલ પાસે ખોડલધામ સોસાયટીમાં રહેતાં ચુમાલીસ વર્ષના ઘનશ્યામભાઇ હરિભાઇ પીપળીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે ત્રણ ભાઈમાં મોટા હતાં અને હાલ લિવર કિડનીની બિમારી હોઇ ડાયાલીસીસ ચાલતુ હોઇ કામ કરી શકતાં નહોતાં. સંતાનમાં બે પુત્ર છે. બિમારીથી મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. આ તમામ બનાવોની જાણ જે તે પોલીસ સ્ટેશનમાં હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, ભગીરથસિંહ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ કરાવતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. સ્વજનોને ઓચીંતા ગુમાવી દેનારા પરિવારજનોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

જયારે છઠ્ઠા બનાવમાં અતિ કરૂણ અકસ્માતમાં માસુમ કુલડા જેવી બાળકીનું મોત થયું હતું. મોરબીના રંગપરમાં એક વર્ષની બાળકીનું ગરમ પાણીમાં પડી જતાં આખા શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેનો જીવ નીકળી ગયો હતો. માહિતી અનુસાર રંગપરમાંપેન્ટાગોન ફેક્ટરી પાસે રહેતાં કિશન રાવની દિકરી પાયલ નામની એક વર્ષની બાળકી સવારે કારખાના પાસે રમતી હતી ત્યારે ભઠ્ઠીમાંથી ગરમ પાણીના નિકાલ માટે નાળુ બનાવેલુ હોઇ તેમાં પડી જતાં દાઝી ગઇ હતી.

પાયલ ગંભીર રીતે દાઝી ગઇ હોઇ મોરબી સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થઇ જતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### કોઠારીયા રોડ આરતી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ઘટનાઃ મોઢે રૂમાલ બાંધીને આવેલા શખ્સો કોણ? તે અંગે તપાસ થવી જરૂરી

# યુવાનને આંતરી બેઠકે છરીના ઘા મારી રૂપિયા-મોબાઇલની લૂંટ

## ઘાયલ યુવાને જો કે એફઆઇઆર દાખલ ન કરાવીઃ પોલીસે આમ છતાં તપાસ હાથ ધરી

રાજકોટ તા. ૨૫

શહેરમાં ઠેકઠેકાણે અવાર-નવાર લુખ્ખા આવારા તત્વો ગમે તેના પર ઘા કરીને લૂંટફાટ કે ચોરી કરી જતાં હોવાની ઘટનાઓ બનતી રહે છે. તાજેતરમાં જ ક્રાઇમ બ્રાંચે આવા એક ગુનેગારને ઝડપ્યો હતો જે અગાઉ એકવીસ ગુનાઓમાં સામેલ હતો અને છેલ્લે નાગરિક બેંક પાસે વેપારીને છરી બતાવી અઢી લાખથી વધુની લૂંટ કરી હતી. દરમિયાન એક એવી ઘટના બની છે જેમાં કોઠારીયા રોડ પર આહિહર ચોક નજીક આરતી ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં પગપાળા જઇ રહેલા પરપ્રાંતીય યુવાનને ચાર શખ્સોએ છરીના ઘા ઝીંકી દીધા હતાં. આ યુવાને આક્ષેપ કર્યો હતો કે હુમલો કરનારા બુકાની બાંધીને આવ્યા હતાં અને પોતાની પાસેથી મોબાઇલ ફોન તેમજ બસ્સો રૂપીયા રોકડા લૂંટી ગયા હતાં. જો કે આ મામલે એફઆઇઆર દાખલ થઇ નથી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આરતી ઇન્ડસ્ટ્રીયીલ એરિયામાં રહેતો અને કારખાનામાં કામ કરતો મુળ આસામનો યુવાન રાત્રીના સમયે અગિયારેક વાગ્યે આરતી ઇન્ડસ્ટ્રીયલ મેઇન રોડ પર ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા મોઢે રૂમાલ બાંધીને આવેલા ચાર શખ્સોએ તેને આંતરી મોબાઇલ-પૈસા આપી દે તેમ કહેતાં તેણે ના પાડતાં બે જણાએ પકડી રાખી અન્ય બે જણાએ માર મારી તેમજ છરીથી ઇજા પહોંચાડી રૂપિયા બસ્સો તથા મોબાઇલ ફોન પડાવી લેતાં સારવાર માટે દાખલ થયો હતો. આરતી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં બાબા પાન પાસે ભાડાની રૂમમાં રહેતો અને કારખાનામાં મજૂરી કરતો જંગલુ ધનવરભાઇ આદિવાસી નામનો પાંત્રીસ વર્ષનો યુવાન રાતે આરતી ઇન્ડસ્ટ્રીઝ મેઇન રોડ પર પગપાળા ચાલીને ઘર તરફ જતો હતો ત્યારે અજાણ્યા ચાર શખ્સોએ આંતરી લીધો હતો.



જંગલુ કંઇ બોલે એ પહેલા તેને છરીથી બેઠક, સાથળમાં ઘા મારી દેતાં ઇજા થતાં લોહીલુહાણ થઇ જતાં અને દેકારો મચાવતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. ઘાયલ હાલતમાં જંગલુને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, ભગીરથસિંહ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ ભક્તિનગર પોલીસ નિવેદન, ફરિયાદ નોંધવા પહોંચી હતી. પરંતુ યુવાને હાલ ફરિયાદ કરવી નથી તેમ કહેતાં પોલીસે પ્રાથમિક નોંધ કરી હતી.

આ ઘટનામાં જંગલુએ હોસ્પિટલના બિછાનેથી વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે હું મુળ આસામનો વતની છું અને હાલ રાજકોટ રહી કારખાનામાં મજૂરી કરુ છું. રાતે હું જ્યાં રહુ છું ત્યાંથી થોડે દુર મારા ભાઇ-ભાભી રહેતાં હોઇ તેના ઘરે જમવા માટે ગયો હતો. જમીને પાછો મારા રૂમ પર આવતો હતો ત્યારે ચાર અજાણ્યા શખ્સોએ મને મેઇન રોડ પર આંતરી ઉભો રાખી મોબાઇલ ફોન આપી દેવા કહેતાં મેં ના પાડતાં ઝઘડો કર્યો હતો. આ શખ્સોએ મોઢે રૂમાલ કે કપડા બાંધેલા હતાં. મેં મોબાઇલ ન દેતાં બે જણાએ મને મારકુટ કરી પકડી લીધો હતો. બીજા બે જણાએ બળજબરીથી મારો મોબાઇલ ફોન અને રૂપિયા બસ્સો પડાવી લીધા હતાં અને ભાગી ગયા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ ગયા હતાં. હું સારવાર માટે દાખલ થયો હતો. આ બાબતે હાલ મારે કોઇ ફરિયાદ કરવી નથી.પોલીસે આમ છતાં તપાસ હાથ ધરી છે. ખરેખર લૂંટ થઇ હતી કે પછી મોબાઇલ ઝપાઝપી વખતે પડી ગયો? તેની તપાસ થઇ રહી છે.

---

# રેલનગર ટાઉનશીપમાં પાણી અંગેની મિટિંગમાં ધોકા ઉલળ્યા : અંજુમબેન કુરેશી ઘવાયા

### સારવાર માટે દાખલ થવું પડ્યુંઃ પડોશી રેહનાબેને હુમલો કર્યાની રાવ



રાજકોટ તા. ૨૫

તપી રહેલા ઉનાળા વચ્ચે પાણી માટે ડખ્ખા ચાલુ થઇ ગયા છે. રેલનગર સુભાષચંદ્ર ટાઉનશીપમાં બીજા માળે ફ્લેટમાં ભાડેથી રહેતાં અંજુમબેન રહિમભાઇ કુરેશી નામના ચાલીસ વર્ષના મહિલાને પાણી બાબતની મીટીંગ વખતે તેના જ પડોશમાં રહેતાં મહિલાએ ધોકાથી માર મારતાં સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી.

પડોશી રેહાનાબેનના હુમલામાં ઘાયલ થયેલા અંજુમબેનને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાંઆવતાંહોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત પ્રદ્યુમનગર પોલીસને જાણ કરાઇ હતી. અંજુમબેનના પતિ રહિમભાઇ કુરેશી લિફ્ટ રીપેરીંગનું કામ કરે છે. રહિમભાઇએ કહ્યું હતું કે અમે ભાડેથી આ ટાઉનશીપમાં રહીએ છીએ. હવે મકાન માલિકે તેનો આ ફ્લેટ વેંચી નાંખ્યો હોઇ અમારે ટુંક સમયમાં જ આ મકાન ખાલી કરીને જવાનું છે. રાતે રહેવાસીઓની પાણીના ટાંકા મંગાવવા બાબતે બેઠક યોજાઇ હતી. આ વખતે રેહાનાબેન, તેના પતિ ઇમરાનભાઇ સહિતનાએ ઘર દિઠ ત્રણસો ત્રણસો રૂપિયા ઉઘરાવવાની વાત કરતાં અમે કહેલું કે અમારે તો પાંચ છ દિવસમાં જ મકાન ખાલી કરીને જતાં રહેવાનું હોઇ અમે ત્રણસો રૂપિયા આપી શકીએ નહિ, અમાર રકમ ઓછી કરી દેવી જોઇએ. આ વાતને લઇને ઇમરાનભાઇએ ગાળાગાળી ચાલુ કરી હતી અને ઉશ્કેરણી કરતાં તેના પત્નિ રેહાનાબેને મારા પત્નિ અંજુમને ધોકાથી માર માર્યો હતો. પોલીસે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

---

### દૂકાન સંચાલક અને ભાઇ સેવા કરવા ચોકમાં ગયાઃ કર્મચારીની નજર ચુકવા ગ્રાહકના સ્વાગમાં આવેલો ગઠીયો રોકડ ઉસેડી ગયો

# બે મિનીટમાં કામ તમામઃ સોરઠીયા વાડી સર્કલે કપડાની દૂકાનમાંથી બુકાનીધારી ચોરી કરી ગયો

રાજકોટ તા. ૨૫

શહેરમાં નાની મોટી ચોરીના બનાવો યથાવત રહ્યા છે. આ વચ્ચે વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમા સોરઠીયાવાડી સર્કલમાં આવેલી રેડીમેઇડ કપડાની દૂકાનમાંથી એક બુકાની બાંધેલો, માથે ટોપી પહેરેલો તસ્કર બે મિનીટમાં જ રોકડ ચોરી ભાગી ગયો હતો. હનુમાન જયંતિના દિવસે આ બનાવ બન્યો હતો. દૂકાનના સંચાલક અને તેના મોટા ભાઇ ચોકમાં રાહદારીઓને ઠંડાપીણા પીવડાવવાના સેવા કાર્યમાં ગ્રુપ સાથે જોડાયા હતાં ત્યારે દૂકાનમાં કપડા લેવાના બહાને આવેલો બુકાનીધારી, ટોપી પહેરેલો શખ્સ દુકાનમાં હાજર કર્મચારીની નજર ચુકવી કેશ કાઉન્ટરમાંથી રોકડ ચોરી જતાં પોલીસને જાણ કરવામાં આવી છે.

આ બનાવની વિગતો પર નજર કરીએ તો ભક્તિનગર પોલીસે મવડી ૪૦ ફુટ રોડ ઓમનગર સર્કલ ગિરનાર સોસાયટી-૫માં રહેતાં અને વિવેકભાઇ બાબુભાઇ ઘેડીયા નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી. વિવેકભાઇ સોરઠીયાવાડી સર્કલ બગીચા સામે ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દૂકાનમાં દોઢ વર્ષથી નોકરી કરે છે અને આ દુકાનનું સંચાલન તે સંભાળે છે. દુકાનના માલિકનું નામ યશ કિશોરભાઇ આસવાણી છે. વિવેકભાઇ સાથે આ દુકાનમાં બીજા ત્રણ કર્મચારી કાર્તિક, કરણ અને રણવીર ઉર્ફ રાણો કામ કરે છે. ૧૦/૪ના રોજ સાંજે ચારેક વાગ્યે મારા મોટા ભાઇ મીતભાઇ ઘેડીયા મારી દુકાને આવ્યા હતાં અને કેશ કાઉન્ટરમાં તેણે વેપાર ધંધાના રૂા. ૧,૩૫,૦૦૦ એક બે દિવસ માટે મુક્યા હતાં.

ત્યારબાદમાં બારમી તારીખે હનુમાન જયંતિ હોવાથી રાહદારીઓને ઠંડા પીણા પીવાનું આયોજન અમે ગ્રુપ સર્કલમાં કર્યુ હતું. જેથી હું પવનપુત્ર ચોક સોરઠીયા વાડી સર્કલ ખાતે ગયો હતો. થોડીવાર પછી મારો મોટો ભાઇ પણ આવ્યો હતો. ત્યારબાદ બપોરે દોઢેક વાગ્યે હું અને મારા ભાઇ દુકાને ગયા હતાં અને મારા



ભાઇને કેશ કાઉન્ટરમાં રાખેલી રકમ અંગે તપાસ કરતાં આ રકમ જોવા મળી નહોતી. બીજા ખાનામાં રૂા. ૧૮૦૦ ધંધાના રાખેલા હતાં તે રકમ પણ જોવા મળી નહોતી. અમે ચોરી થયાની શંકાએ સીસીટીવી કેમેરા ચેક કરતાં બારમી તારીખના સવારે ૯:૩૦ થી ૯:૩૨ દરમિયાન બે મિનીટ પુરતો એક ખાખી કલર જેવો સિકયુરીટીનો યુનિફોર્મ પહેરી એક શખ્સ કપડા લેવા આવતો દેખાયો હતો. જેણે માથે ટોપી પહેરેલી હતી અને મોઢે માસ્ક બાંધેલુ હતું તે જોવા મળ્યો હતો. આ શખ્સને અમારા કર્મચારી રણવીર ઉર્ફ રાણો પરમાર કપડા બતાવતો હતો.

ત્યારબાદ તે આ શખ્સને સેલ્ફમાં રહેલા કપડા જાતે જોવાનું કહે છે અને પોતે દુકાનમાં સાફ સફાઇમાં વ્યસ્ત થાય છે. ત્યારે અજાણ્યો માણસ કેશ કાઉન્ટરમાં લગાવેલી ચાવી ફેરવી ખાનુ ખોલી બંને ખાનામાંથી કુલ રૂા. ૧,૩૬,૮૦૦ લઇ લેતો, ચોરી લેતો દેખાય છે. અમારો કર્મચારી રણવીર ઉર્ફ રાણો કચરો ચાફ કરવા જાય છે એટલી વારમાં આ અજાણ્યો રોકડ ચોરી બહાર નીકળી જતો દેખાય છે. અમારી રીતે શોધખોળ કરવા છતાં આ શખ્સની અત્તોપત્તો ન મળતાં પોલીસને જાણ કરી હતી. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. પી. એન. ગોહિલે એફઆઇઆર દાખલ કરતાં આગળની તપાસ હેડકોન્સ. ધર્મેશભાઇએ શરૂ કરી છે.

---

### લોખંડનો ભંગાર મોકલ્યા બાદ રૂપિયા ન આપતા છેતરપિંડી થતા શાપર વેરાવળ પોલીસ મથકમાં ફરી ફરિયાદ

# વેપારી સાથે છેતરપિંડી કરનાર ઉત્કર્ષ ઇસ્પાતના માલિક સામે ગુન્હો

રાજકોટ, તા. ૨૫

છેલ્લા ઘણા સમયથી છેતરપિંડીની ફરિયાદોમાં વધારો નોંધાયો છે તેમાં રાજકોટના વેપારી સાથે ૧૩,૦૦,૦૦૦ ની છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડ્યું જે અંગે સાપર વેરાવળ પોલીસ મથક માં ફરિયાદ નોંધવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રહ્યા ટેલિફોન એક્સચેન્જ પાછળ આવેલા તુલસીપત્ર એપાર્ટમેન્ટમાં રહેતા અને પડવલામાં રચના ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં જલારામ એન્ટરપ્રાઇઝ નામે સ્ક્રેપ ની પેઢી ધરાવતા નિમેષ લાખાણીએ ઉત્કર્ષ ઇસ્પાત ના માલિક નીરજ આર્યા સામે શાપર વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ કરી છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે પડવલા ખાતે વર્ષ ૨૦૨૨ થી તેઓ જલારામ એન્ટરપ્રાઇઝ કે જે લોખંડનો સ્ક્રેપની લે-વેચનો વ્યવસાય કરે છે અને ૨૦૧૮ થી યુ લોખંડનો ભંગાર ઇમ્પિરિયલ હાઇટ્સ બી ૯૦૦૩ પેઢીના સરનામે તથા બામણબોર જીઆઇડીસી માં નીરજ આર્યા




કે જે ઉત્કર્ષ ઇસ્પાતના સંચાલક છે લોખંડનો ભંગાર વેચવાનું શરૂ કર્યું. જે દરમિયાન તેઓ લોખંડના ભંગારનો ટ્રક મોકલે એટલે બે થી ત્રણ દિવસના સમયમાં તેઓ ચુકવણું પણ કરી દે પરંતુ ૯ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ઉત્કર્ષ ઇસપાત ના મેનેજર ચિરાગ દવે દ્વારા ત્રણ ટ્રક ભંગાર મોકલવાનું કહેવામાં આવ્યું હતું જેથી તેઓએ એટલે કે ફરિયાદીએ ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ૧૨ ટન એટલે કે ૨૫૦ કિલોગ્રામ કે જેની કિંમત ૪.૯૦ લાખનો લોખંડનો ભંગાર મોકલ્યો હતો ત્યારબાદ ૧૪ ઓક્ટોબરના રોજ ૫-ફુ બિલ નંબર થી વધુ ૩.૫૩ લાખનો લોખંડનો ભંગાર મોકલવામાં આવ્યો અને ૧૯ ઓક્ટોબરના રોજ ૧૩ ટન એટલે કે ૯૦ કિલો કે જેની બજાર કિંમત ૫.૧૩ લાખ થાય તે લોખંડનો ભંગાર પણ મોકલવામાં આવ્યો હતો જેથી ઉત્કર્ષ ઇસ્પાત પાસેથી ૧૩.૪ લાખનું પેમેન્ટ લેવાનું બાકી છે જેથી અવારનવાર કંપનીના માલિક અને કંપનીના મેનેજર ખોટા બહાના આપતા હોય તેવું જણાવ્યું અને આજ દિન સુધી તેઓએ બાકી રકમનું ચુકવણું ન કર્યું હોવાનું ફરિયાદીએ જણાવ્યું હતું જેથી તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા તેઓએ સાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે અને પોલીસ દ્વારા આ અંગે તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.


---

# સોની બજારમાં વ્હોરા પ્રૌઢની લાશ કોહવાયેલી હાલતમાં તેમના ઘરમાંથી મળી

### દાઉદી વ્હોરા પ્રૌઢ એકલા જ રહેતાંઃ મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા

રાજકોટ તા. ૨૫

અપમૃત્યુની વધુ એક ઘટના બની છે. સોની બજારમાં ગઢની રાંગ પાસે ગુજરી બજાર નજીક રહેતાં વ્હોરા પ્રૌઢની લાશ તેમના ઘરમાંથી કોહવાયેલી હાલતમાં મળતાં ચકચાર સાથે અરેરાટી વ્યાપી ગઇ હતી. વિગતો એવી છે કે ગુજરી બજાર નજીક ગઢની રાંગ પાસે પંચાવન વર્ષના શબ્બીરઅલી અસગરઅલી માંકડા નામના દાઉદી વ્હોરા પ્રૌઢ એકલા જ રહેતાં હોઇ અને ચપ્પલની દુકાનમાં નોકરી કરતાં હોઇ બે દિવસથી તેઓ દૂકાને ગયા ન હોઇ તપાસ થતાં ઘરમાંથી તેમનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.



ઘટનાની જાણ થતાં એ-ડિવીઝન પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર ત્રણ ભાઇ અને બે બહેનમાં નાના અને અપરિણીત હતાં તેમજ એકલા રહેતાં હતાં. તે બે દિવસથી દૂકાને નોકરીએ ન ગયા હોઇ શેઠે તેમના ભાઇને વાત કરતાં તેઓ તપાસ કરવા જતાં ઘટનાની જાણ થઇ હતી. હાર્ટએટેકથી મૃત્યુ થયું કે બીજા કોઇ કારણોસર તે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ બહાર આવશે.

---

**શુભ લગ્ન**

## રાજકોટ નિવાસી પ્રભાતભાઇ ધુસાભાઇ લાવડીયાના સુપુત્ર કરણભાઇના ૧૦ મેના શુભ લગ્ન



રાજકોટ મિરર : રાજકોટ નિવાસી પ્રભાતભાઇ ધુસાભાઇ લાવડીયાના સુપુત્ર કરણભાઇના ૧૦ મેના શુભ લગ્ન મૂળ વીરડા-વાજડી નિવાસી રાવતભાઇ દેવાભાઇ ખીમાણીયાની સુપુત્રી ચિ. જાહલ સાથે તા. ૧૦.૦૫.૨૦૨૫ ને શનિવારના રોજ નીરધાર્યા છે. શુભ લગ્ન પ્રસંગે આયોજિત માંગલિક પ્રસંગોમાં તા. ૮ મે ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સાંજીના ગીત તા. ૯મે ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યે મંડપ રોપણ, ૦૯-૦૫-૨૫ના સાંજે ૦૭ઃ૦૦ કલાકે શ્રીજી પાર્ટીપ્લોટ કોઠારીયા મેઇનરોડ-રાજકોટ ખાતે ડાયરો તથા ભોજન સમારંભ યોજવામાં આવ્યો છે જયારે ૧૦-૦૫-૨૫ શનિવારના બપોરે ૦૩:૦૦ કલાકે જાન પ્રસ્થાન થશે અને સાંજે ૦૬:૫૫ કલાકે રાગા પાર્ટીપ્લોટ ન્યારી ડેમ રોડ ખાતે હસ્તમેળાપનું આયોજન.

---

# પોસ્ટ ઓફિસમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ કર્મીઓનું સન્માન

### પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ રહ્યા ઉપસ્થિત : ડાક વિભાગ હવે ફક્ત પત્રો પૂરતો સીમિત નથી, દેશની અર્થવ્યવસ્થામાં પણ અહમ મહત્વ

રાજકોટ, તા. ૨૫

ડાક વિભાગ હવે માત્ર પત્રો પહોંચાડતું સંસ્થાન નથી, પણ દેશની પ્રગતિમાં સક્રિય ફાળો આપતું એક આધુનિક અને ગતિશીલ સંસ્થાન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડાક વિભાગ એક બહુવિધ સેવા પ્રદાતા તરીકે ઉભરી રહ્યું છે, જેના દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી હોવાનું સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે રાજકોટમાં વિભાગીય વડાઓની આર્થિક વર્ષ ૨૦૨૪-૨૫ ના કાર્યોની સમીક્ષા બેઠક અને શ્રેષ્ઠતા સન્માન વિતરણ પ્રસંગે જણાવ્યું હતું.

ડાક સેવાઓમાં નવીનતા સાથે તેની કાર્યક્ષમતા અને પહોંચ વધારવા, નાણાકીય સમાવિષ્ટતા, ડિજિટલાઇઝેશન, ટેક્નોલોજીનું એકીકરણ અને માર્કેટિંગની રણનીતિને મજબૂત બનાવવા પર તેમણે ભાર મૂક્યો. આ પ્રસંગે



ડાક સેવાઓ અને તેની વિશેષતાઓને બતાવતી ગુજરાતી ભાષામાં એક પુસ્તિકાનું પણ વિમોચન તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર હેઠળના ૧૨ જિલ્લાઓની પોસ્ટ ઓફિસોમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ ૪૫ થી વધુ પોસ્ટલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ઉત્તમ કામગીરી માટે શ્રવણ કુમાર બુનકર, વરિષ્ઠ અધિક્ષક ડાકઘર, રાજકોટ મંડળને સૌથી વધુ નવા બચત બેંક ખાતા ખોલવા અને સૌથી વધુ આધાર રેવન્યૂ માટે સન્માનિત કર્યા. તેમજ ભાવનગર મંડળના અધિક્ષક દર્શન તપસ્વીને સૌથી વધુ નેટ બચત ખાતા ખોલવા, સૌથી વધુ પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ અને સૌથી વધુ સ્પીડ પોસ્ટ આવક માટે, સુરેન્દ્રનગર મંડળના અધિક્ષક સંજયકુમાર મિસ્ત્રી ને સર્વોચ્ચ ડાક જીવન વિમા પ્રીમિયમ, સર્વોચ્ચ ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ, આધાર રેવન્યૂ, નેટ બચત ખાતા ખોલવા અને સ્પીડ પોસ્ટ/રજિસ્ટર્ડ પોસ્ટના ઉત્તમ વિતરણ માટે, કચ્છ મંડળના અધિક્ષક ને નેટ બચત ખાતા ખોલવા, ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ અને પાર્સલ આવક માટે, જામનગર મંડળના અધિક્ષક વિપુલ ગુપ્તાને સૌથી વધુ પાર્સલ આવક અને આધાર રેવન્યૂ માટે, પોરબંદર મંડળના અધિક્ષક રતિલાલ પટેલને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ અને ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, ગોંડલ મંડળના અધિક્ષક કૃણાલ શુક્લાને પાર્સલ આવક અને ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, અમરેલી મંડળના અધિક્ષક ભાવેશ પટેલને ડાક જીવન વિમા પ્રીમિયમ માટે જુનાગઢ મંડળના અધિક્ષકને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ માટે, રેલ ડાક સેવા 'આર.જે' મંડળ, રાજકોટના અધિક્ષકને સ્પીડ પોસ્ટ આવક માટે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# શહેરમાં ૨૩.૪૧ કરોડની પકડાઈ વીજ ચોરી

## PGVCL દ્વારા ગત વર્ષમાં ૨૭૧ કરોડથી વધુની વીજ ચોરી આવી સામે : સૌરાષ્ટ્ર કચ્છમાં ૪.૭૪ લાખથી વધુ વીજ જોડાણની ચકાસણી જેમાંથી ૬૩ હજારથી વધુ કનેક્શનમાં ગેરરીતિ

રાજકોટ, તા. ૨૫

એક તરફ સરકાર વીજળી બચાવવા માટેના તમામ જરૂરી પગલાઓ લઈ રહ્યું છે ત્યારે વીજ ચોરીમાં ઘણા ખરા કિસ્સાઓ સામે આવી રહ્યા છે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ પશ્ચિમ ગુજરાત વીજ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સમયાંતરે તેના અધિકાર ક્ષેત્રમાં આવતા તમામ શહેરો તથા જિલ્લાઓમાં તપાસ હાથ ધરવામાં આવતી હોય છે ત્યારે ગત એક વર્ષમાં કુલ ૨૭૧ કરોડથી વધુની વીર ચોરી પકડી પાડવામાં આવી હતી જેમાં રાજકોટ શહેરમાં જ ૨૩.૪૧ કરોડની વીજ ચોરી પકડાઈ. વાત કરવામાં આવે સૌરાષ્ટ્ર કચ્છની તો છેલ્લા એક વર્ષમાં ૪.૭૪ લાખથી વધુ વીજ જોડાણની ચકાસણી કરવામાં આવી હતી જેમાંથી ૬૩ હજારથી વધુ કનેક્શનમાં ગેરરીતિઓ સામે આવી ત્યારે આ તમામ ઉપર કાયદાકીય પગલા લેવામાં આવી રહ્યા છે અને હાલ જે નવું વર્ષ ચાલી રહ્યું છે તેમાં પણ આ ઝુંબેશ યથાવત રીતે ચાલુ રહેશે.

અધિક પોલીસ મહાનિર્દેશક રાજકુમાર પાંડિયન તેમજ પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેક્ટર પ્રીતિ શર્માના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર કચ્છમાં પીજીવીસીએલ દ્વારા છેલ્લા એક નાણાંકીય વર્ષમાં વીજ ચેકિંગની કામગીરી દરમ્યાન આશરે રૂ. ૨૭૧.૦૧ કરોડની પાવર ચોરી પકડી પાડવામાં આવી છે.ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. હેઠળની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. કંપની દ્વારા તેના વીજ ગ્રાહકોને સાતત્રપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે હેતુથી છેલ્લા બાર માસમાં ઈન્સ્ટોલેશન ચેકિંગની સઘન કામગીરી કરી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર હેઠળ કોર્પોરેટ ઓફિસની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરઓ અને વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેરઓની રાહબરી અને સીધી દેખરેખ હેઠળ એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ દરમ્યાન કુલ ૪,૭૪,૩૪૭વીજ જોડાણો ચેક કરવામાં આવેલ જેમાંથી કુલ ૬૩, ૧૯૮ વીજ જોડાણોમાં વીજ ચોરીના પુરવણી બીલો આપવામાં આવેલ જેની અંદાજીત રકમ રૂ. ૨૭૧.૦૧ કરોડ થવા પામેલ છે.

પીજીવીસીએલનાં વિજીલન્સ વિભાગ તથા સબ ડીવીઝન/ ડીવીઝન ના અધિકારીઓ – કર્મચારીઓ દ્વારા વીજ ચોરી ડામવા માટે સતત કામગીરીઓ કરવામાં આવેલ. ખાસ કરીને વીજચોરીમાં ડાયરેટ લંગર, વાયરથી મીટર બાયપાસ, મીટરના સીલ સાથે ચેડાં કરીને, હેતુ ફેર, લોડ વધારો, સર્વિસ વાયર સાથે ચેડાં કરવા વગેરે પ્રકારની ગેરરીતિ વધુ પ્રમાણમાં જોવા મળી હતી.

શહેરને રાજ્યને પ્રદૂષણ મુક્ત બનાવવાના અભિગમને સાર્થક કરવા માટે લોકોએ સોલાર રૂફટોપ નો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ જેથી પ્રદૂષણથી બચી શકાય અને ઊર્જાનો પણ બચાવ થાય આ તમામ પગલાંઓને ધ્યાને લઈને હાલ પશ્ચિમ ગુજરાત વીજ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આ અંગે જાગૃતિ ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે.

વધુને વધુ લોકો સોલાર ઉર્જા તરફ આગળ વધશે તો પાવર ચોરી કરવાનો વારો પણ નહીં આવે અને આ પ્રકારની જે જટિલ કાર્યવાહી કરવામાં આવતી હોય તે પણ નહીં થાય ત્યારે માત્ર લોકો વધુને વધુ સોલાર રૂફટોપ યોજના ની અમલવારી કરે તે ખૂબ જરૂરી છે. વિવિધ ટીમો દ્વારા એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ માસ દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકિંગ દરમ્યાન કુલ ૪,૭૪,૩૪૭ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવેલી જેમાંથી કુલ ૬૩, ૧૯૮ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી અને અંદાજે રૂ. ૨૭૧.૦૧ કરોડના પુરવણી બીલો આપવામાં આવેલા છે.



### વર્ષ દરમિયાન એક કરોડથી વધુનું બિલ આપવામાં આવ્યું હોય તેવા ગ્રાહકોની યાદી

(૧) ભચાઉ તાલુકાના માનફરા ગામના સિલિકા મેન્યુફેક્ચરિંગ યુનિટના વીજજોડાણમાં મીટર બાયપાસ કરી વીજ વપરાશ કરતા માલૂમ પડતાં રૂ. ૧.૬૫ કરોડનું

(૨) ટંકારા તાલુકાના વાઘગઢ ગામમાં ઓઈલ ઈન્ડ.ના ઔદ્યોગિક હેતુના યુનિટમાં ટર્મિનલ સીલ સાથે ચેડાં કરી વીજચોરી થયાનું માલૂમ પડતાં રૂ. ૧.૧૬ કરોડનું


(૩) કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ ગામના એન્જિનિયરીંગ વર્ક્સ યુનિટમાં મેગ્નેટનો ઉપયોગ કરીને વીજચોરી થતી હોવાનું માલૂમ પડતાં રૂ. ૧. ૧૫ કરોડનું

(૪) ગોંડલ તાલુકાના શેમળા ગામમાં સ્પિનિંગ મિલનું મીટર શકાસાદ જણાતાં લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાતાં મીટર ધીમું ફરતું હોવાનું માલૂમ પડતાં રૂ. ૨.૪૧ કરોડનું તેમજ

(૫) વાંકાનેર તાલુકાના લક્કડધાર ગામના ટાઈલ્સના યુનિટમાં મીટર ધીમું ફરતું હોવાનું માલૂમ પડતાં રૂ. ૨.૧૩ કરોડનું પૂરવણી બિલ આપવામાં આવ્યું હતું.

### વિવિધ શહેરોમાં પકડાયેલી વીજ ચોરી

| | | |
|---|---|---|
| રાજકોટ શહેર | ૫૫૦૫. | ૨૩.૪૧ કરોડ |
| રાજકોટ જિલ્લો. | ૫૫૯૬. | ૩૨.૮૧ કરોડ |
| મોરબી. | ૪૦૩૪. | ૨૨.૨૫ કરોડ |
| પોરબંદર. | ૫૪૪૧. | ૧૭.૭૬ કરોડ |
| જામનગર. | ૭૩૫૦. | ૪૧.૨૮ કરોડ |
| ભુજ. | ૨૪૭૫. | ૯.૨૦ કરોડ |
| અંજાર. | ૨૯૪૧. | ૨૨.૧૮ કરોડ |
| જૂનાગઢ. | ૫૧૫૮. | ૧૪.૭૮ કરોડ |
| અમરેલી. | ૭૧૮૮. | ૨૩.૬૭ કરોડ |
| બોટાદ. | ૩૭૧૧. | ૯.૬૮ કરોડ |
| ભાવનગર. | ૮૧૭૪. | ૩૩.૯૮ કરોડ |
| સુરેન્દ્રનગર. | ૫૬૨૮. | ૨૦.૦૧ કરોડ |



# મનપા સ્ટેન્ડિંગઃ ૧૧૭ કરોડના વિકાસ કામોને બહાલી

## ડીઆઈ પાઈપલાઈનની કામગીરીમાં રોડ રસ્તાના રીકાર્પેટને લઈ અધધધ ૩૧ કરોડથી વધુનો ખર્ચ મંજૂર

રાજકોટ, તા. ૨૫

રાજકોટ દિવસેને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં વધુને વધુ વિકાસ થાય તે માટે હાલ દરેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં સ્થાનિક પ્રશાસન દ્વારા પણ એ તમામ બાબતોને ધ્યાને લઈને હાલ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે મહાનગરપાલિકાની ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી જેમાં ૩૨ દરખાસ્તને બહાલી આપવામાં આવી અને તેમાં પણ સાઉથ ઝોન કચેરી અને કહી શકાય કે અન્ય મહત્વની દરખાસ્તોને સર્વનું માટે બહાલી આપવામાં આવી અને ૧૧૭ કરોડના વિકાસ કામોને મંજૂર કરવામાં આવ્યા.

રાજકોટ મહાનગરપાલિકાની ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી જેમાં કુલ ૩૨ દરખાસ્તને બહાલી આપવામાં આવી. એટલું જ નહીં જે દરખાસ્ત તો મૂકવામાં આવી તેમાં મહત્વની દરખાસ્ત દક્ષિણ ઝોનલ કચેરીની હતી જેને મંજૂર કરવામાં આવી છે. એટલું જ નહીં આશ્ચર્યની વાત તો એ છે કે હાલ સમગ્ર શહેરમાં ડીઆઈ પાઈપલાઈન નાખવામાં આવી રહી છે. ત્યારે વોર્ડ નંબર ૧૩ અને વોર્ડ નંબર સાતમાં જ ૧૮ કરોડ જેટલો ખર્ચ તૂટેલા રોડ રસ્તા ને રીપેર કરવામાં વાપરવામાં આવશે એટલું જ નહીં સેન્ટ્રલ ઝોનમાં હાલ જે કામગીરી થઈ રહી છે તેમાં રોડ રસ્તાનો રીત કારપેટ કરવા માટે ૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ સ્ટેન્ડિંગમાં મંજૂર કરવામાં આવ્યો છે જે અત્યંત ચોંકાવનારી બાબત છે.

૧૧૭ કરોડથી વધુના ખર્ચે રાજકોટ શહેરનો વિકાસ આગળ ધપાવવામાં આવશે અને તેના માટે જે ૩૨ દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી તેને સર્વનુંમતે મંજૂર કરવામાં આવેલી છે. સ્ટેન્ડિંગ કમિટીમાં બીજી દરખાસ્તની જો વાત કરવામાં આવે તો કોઠારિયા રોડ ઉપર નવી દક્ષિણ ઝોનલ ઓફિસ તેમજ પારડી રોડ ઉપર સ્પોર્ટસ સંકુલ તથા વોટરવર્કશ ડીઆઈ પાઈપલાઈન, સ્ટ્રોમ વોટર, કેમીકલ ખરીદી, આઈટી વિભાગ, રમત ગમત, વોકળા કામ, ડ્રેનેજ, લાઈટીંગ, આવાસ યોજના અને લીગલ ઈન્ટર્ન ભરતી સહિતની દરખાસ્ત મંજુર કરી રૂા. ૧૧૭ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવી.

સ્ટેન્ડીંગ કમિટિમાં સર્વેશ્વર ચોકમાં હયાત વોકળો ડાયવર્ટ કરી નવુ બોક્સ કલવર્ટ બનાવવાના કામ અંતર્ગત વધારાના કામ માટે રૂા. ૪ કરોડની માંગણી કરવામાં આવેલ જેની દરખાસ્ત ગતસ્ટેન્ડીંગમાં નામંજુર કરી રિટેન્ડર કરવામાં આવેલ જેની દરખાસ્ત ફરી આવતા હવે ફક્ત રૂા. ૧.૭૭ કરોડના વધારાના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેના લીધે પ્રજાના ત્રણ કરોડથી વધુ રૂપિયાનો બચાવ થયો હોવાનું સ્ટેન્ડીંગ ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું.

### ગુજરાત સ્થાપના દિવસનો મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ મોકૂફ

પેલી મેના રોજ ગુજરાત સ્થાપના દિનની દર વર્ષે ઉજવણી મ્યુઝિકલ નાઈટના કાર્યક્રમથી થતી હોય છે પરંતુ હાલ જમ્મુ કાશ્મીરમાં આજે આતંકી હુમલો થયો અને તેમાં જે લોકોના મૃત્યુ થયા છે તે વાતની ગંભીરતાને ધ્યાને લઈ હાલ આ આયોજન મોકૂફ રાખવામાં આવ્યું છે. આ દિવસે યોજાનારા અનેકવિધ કાર્યક્રમોને પણ હાલ કેન્સલ કરવામાં આવ્યા હોવાનું સ્ટેન્ડિંગ ચેરમેને જણાવ્યું હતું..

### પહેલગામ અને સિટી બસ અકસ્માતના મૃતકો માટે પાડવામાં આવ્યું મૌન

મનપાની સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં સંકલન અને સ્ટેન્ડીંગ માટે ઉપસ્થિત રહેલા અધિકારીઓ તેમજ સ્ટેન્ડીંગના સભ્યોએ સંકલન શરૂ થાય તે પહેલા પહેલગામ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા અને સીટીબસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામ સદગતોને મૌન પાળી શ્રદ્ધાંજલી પાઠવી હતી.

# મનપા વર્ષે ૩૬ લાખ ખર્ચી ૩ લીગલ ઈન્ટર્નની જગ્યા ભરશે

## ગુજરાત લો યુનિવર્સિટી સાથે થશે સમજૂતી કરાર : હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના કેસોમાં તંત્રને મળી રહેશે મદદ , સ્ટેન્ડિંગમાં દરખાસ્ત મંજૂર

રાજકોટ, તા. ૨૫

ગઈકાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં અનેકવિધ દરખાસ્ત કરવામાં આવી પરંતુ સૌથી મહત્વની દરખાસ્ત તો એ હતી કે જે લીગલ ઈન્ટર્નની જગ્યા ભરવા માટે જે અભ્યાસ અર્થે સમય માગવામાં આવ્યો હતો તેને ગઈકાલની બેઠકમાં મંજૂર કરી દેવામાં આવ્યું છે. જેથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાયદાકીય ક્ષેત્રમાં ઉપરથી પ્રતિભાને પ્રોત્સાહન આપવામાં આવશે એટલું જ નહીં આ માટે ત્રણ જગ્યા ઈન્ટર્નશિપ આધારિત આપવામાં આવશે. આ માટે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી માંથી કાયદાના સ્નાતક વિદ્યાર્થીને મહાનગરપાલિકા ખાતે વાર્ષિક ઈન્ટરનશીપ કરવાની રહેશે અને તેઓએ મનપાના જુદા જુદા વિભાગો અને તેમને લગતા કોર્ટના કેસમાં મનપાને ઉપયોગી અને મદદરૂપ પણ થવાનું રહેશે આ માટે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સાથે મહાનગરપાલિકા દ્વારા સમજૂતી કરાર પણ કરવામાં આવશે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ મહાનગરપાલિકાના લગના કોર્ટ કેસના કામે ઘણી વખત સંબંધિત શાખા કેસોના પારાવાઈસ રિમાર્ક્સ યોગ્ય રીતે તૈયાર કરી શકતી નથી જેથી જે તે કેસમાં મેરીટ હોવા છતાં કોઠ કેસના કામે સંબંધિત બાબત યોગ્ય રીતે રજૂ કરવામાં આવી શકતી નથી અને તેની અસર કેસના ચુકાદા ઉપર પણ પડે છે ત્યારે જો ગુજરાત નેશનલ લો, યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ ઈન્ટર્ન તરીકે જુદી જુદી શાખાઓને કોર્ટ કહેશો અનુસંધાને રિમાર્ક તૈયાર કરવામાં મદદ કરવા માં આવે તેમ જ શાખાઓને કોર્ટ કેસના કામે આવેલ વચગાળાના હુકમો અને આખરી ચુકાદાઓ અનુસંધાને જરૂરી સમજ આપવામાં આવે તો ઘણો ખરો મહાનગરપાલિકાને ફાયદો પણ મળી શકે તેમ છે. દરેક ઈન્ટર્નને માસિક એક લાખ રૂપિયા સ્ટાઈપન્ડ પેટે ચૂકવવાના થશે જે માટે હાલના બજેટમાં અને આગામી બજેટમાં આ અંગેનો હેડ ઈન્ટરનશીપ સ્ટાઈપંડ મંજૂર થયેલ છે. જેમાં વાર્ષિક ૩૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ દરખાસ્ત મનપા માટે અત્યંત મહત્વની અને ઉપયોગી સાબિત થશે તેમાં કોઈ શંકા નથી કારણ કે હાલ ન્યાયિક બાબતોમાં ઘણાખરા અંશે મહાનગરપાલિકાને નુકસાની વેઠવી પડી છે ત્યારે આ દરખાસ્ત અને મંજૂર કરવામાં આવશે તો આગામી દિવસોમાં મહાનગરપાલિકા માટે ઘણા સારા પરિણામો પણ આવી શકશે કારણ કે કૌશલ્યની સાથોસાથ સ્કિલ પણ ન્યાય ક્ષેત્રે મનપાને મળશે. લીગલ ઈટર્નને ૧ લાખ પગાર આપવા તંત્ર મજબૂર થયું છે. મહાનગરપાલિકાની લીગલ શાખામાં લીગલ ઈટર્નની ત્રણ પોસ્ટ ભરવા માટે અને તેમને પગાર ૧ લાખ રૂપિયા આપવાની દરખાસ્ત ગત સ્ટેન્ડીંગમાં રજૂ કરવામાં આવેલ પરંતુ ફક્ત માર્ગદર્શન માટે ત્રણ ઈન્ટર્નને દર માસે રૂા. ૩ લાખ વધારે કેવાય તેમ જણાવી દરખાસ્ત ચર્ચા કરવા માટે પરત મોકલવામાં આવેલ જે દરખાસ્ત આજનીસ્ટેન્ડીમાં આવતા એક લાખનો પગાર આપવાનું મંજુર કરવામાં આવ્યું છે. અને આ મુદ્દે ચેરમેને જણાવેલ કે, સુપ્રીમ કોર્ટ કે તથા હાઈકોર્ટની પેનલોને માર્ગદર્શન આપવા માટે ઈન્ટર્ન રાખવાની જોગવાઈ હોય અંતે ત્રણ ઈન્ટર્નની નિમણુંક કરવાની દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે.

# શહેર કોંગ્રેસ પ્રમુખ પદ માટે અનેક દાવેદારો

## નિરીક્ષકોએ સેન્સ પ્રક્રિયા ધરી હાથ : આવતીકાલ સુધી નિરીક્ષકો રાજકોટમાં, સંગઠન નવરચના માટે ભૂતપૂર્વ અને પ્રવર્તમાન કોંગ્રેસ પક્ષના આગેવાનોનો લેવાશે અભિપ્રાય




રાજકોટ, તા. ૨૫

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસનું વર્ચસ્વ ઊભું થાય અને કોંગ્રેસ પ્રજા વચ્ચે જઈ યોગ્ય માહિતી આપી શકે અને પ્રજાના પ્રશ્નને ઓળખી શકે તે માટે હાલ અનેકવિધ તખ્તાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે ત્યારે ગુજરાત કોંગ્રેસને મજબૂત કરવા માટે કેન્દ્રીય નેતાઓ ગુજરાતમાં અવારનવાર આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ કોંગ્રેસ હવે નવસર્જનની જાણે તૈયારી કરી લીધી હોય તેવું પણ ચિત્ર સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ કેન્દ્રીય તથા રાજ્યના કોંગ્રેસના નિરીક્ષકો રાજકોટના ત્રણ દિવસના પ્રવાસે આવ્યા હતા જ્યારે ગઈકાલે બપોરે આ અંગે પ્રમુખ પસંદગી માટેની ટ્રેન્સ યોજાઈ હતી જેમાં ડઝન એક આગેવાનો દ્વારા દાવેદારી કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે. મળતી માહિતી મુજબ રાષ્ટ્રીય મોવડીમંડળ માંથી ડોક્ટર શ્રીરિવેલા પ્રસાદ, પ્રદેશ કમિટી માંથી ઋત્વિક મકવાણા જયદીપસિંહ ગોહિલ ઝાકીર ચૌહાણ નિરીક્ષક તરીકે રાજકોટ આવ્યા હતા. તેમના દ્વારા શનિવાર સુધી રાજકોટમાં રોકાણ કરવામાં આવશે અને શહેરના પ્રમુખ પદ માટે સેન્સ લેવાશે. એટલું જ નહીં કોંગ્રેસની સ્થિતિ તથા આગેવાનોની તાકાત અંગે પણ રિપોર્ટ મેળવવામાં આવશે જેને દિલ્હી મોકલાશે.

શહેર કોંગ્રેસ કાર્યાલય પર ગઈકાલ બપોરથી જ નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી જેમાં પ્રમુખ પદ માટે એક ડઝનથી વધુ આગેવાનોએ પોતાની દાવેદારી રજૂ કરી હતી જેમાં જસવંતસિંહ ભટ્ટી, હેમાંગ વસાવડા, સંજય અજુડીયા, વશરામ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, પ્રભાત ડાંગર, ગોપાલ અનડકટનો સમાવેશ થાય છે. પ્રવર્તમાન પ્રમુખ અતુલ રાજાની એ જણાવ્યું હતું કે આગામી કોર્પોરેશન ચૂંટણી લડાવવા નેતાગીરી હોય તો તેઓ પ્રમુખ પદ પણ છોડવા માટે તૈયાર છે.

આગેવાન ઋત્વિક મકવાણા જણાવ્યું હતું કે, ગુજરાતમાં નવું સંગઠન માળખું ઊભું કરવા માટે તમામ કોંગ્રેસના આગેવાનો તથા કોર્પોરેટરો પૂર્વ કોર્પોરેટરો ના મંતવ્યો અને તેમના અભિપ્રાય લેવામાં આવશે જે એઆઈસીસી ને રિપોર્ટ કરશે. સ્થાનિક સ્તર પર મજબૂત થવા માટે સમગ્ર દેશભરમાં જિલ્લા કમિટી, જિલ્લા પ્રમુખો માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર પક્ષમાં આ વખતે એ તમામને જવાબદારીઓ સોંપવામાં આવશે કે જે કામ કરવા માંગતા હોય એટલું જ નહીં જે ઉમેદવાર સંપૂર્ણ લાયકાત ધરાવતો હશે તેને જ જિલ્લા અને શહેર પ્રમુખની જવાબદારી સોંપવામાં આવશે.

બીજી મહત્વની વાત તો એ છે કે આ વખતે એ વાતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે કે સંગઠનમાં યુવાનો તથા મહિલાઓ, એસ.ટી., એસ. સી, ઓબીસીને યોગ્ય પ્રત્યુતર મળે અને તેઓ પણ સંગઠનમાં પોતાનો સિંહ ફાળો આપી શકે તે માટે દરેકને મહત્વ આપવામાં આવશે અને તે મુજબ જ સંગઠનનો માળખું તૈયાર કરાશે.